

સનાતન સારથિ ગુજરાતી
ડિસેમ્બર – ૨૦૨૦
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦



## ઈશ્વરને રહેવા માટે મનને શુદ્ધ કરો

સ્વામી કહે છે આધ્યાત્મિક પાઠ્ય પુસ્તકની બાળપોથીનો પહેલો જ પાઠ "વાણી પર નિયંત્રણ" છે. વાણી માનવીનો શસ્ત્ર-સરંજામ છે. બીજા પ્રાણીઓ પાસે પગની ચપળતા, તીક્ષ્ણ નહોર, ધારદાર દાંત, શિંગડું, સૂંઢ, ચાંચ અને વાંકદાર નહોર હોય છે. પણ માનવી પાસે વાણીની મીઠાશ છે, જે બધા વિરોધીઓને નિઃશસ્ત્ર કરી શકે છે અને તિરસ્કારની બધી યોજનાઓનો નાશ કરી શકે છે. મીઠાશ તમને ."પશુપતિ" એટલે દિવ્ય બનાવે છે. નિષ્ઠુરતા તમને "પશુ" એટલે પાશવી બનાવે છે. વધુ પડતી બાહ્ય નમ્રતા અથવા મીઠાશ દંભ છે. નિખાલસ વાણી હૃદયની સાચી મીઠાશમાંથી નીકળવી જોઈએ, જે હૃદય પ્રેમથી ભરપૂર હોય. તમારા મનના નિર્મળ "મનઃસરોવર" માંથી બધા જ અનિષ્ઠ કાઢી નાખો અને તેને ઇશ્વરના દૈવી સ્વરૂપનું રહેઠાણ એટલે ઘર બનાવો.

*(ફૂડ ફોર થોટ માંથી અવતરણ)*

## શ્રી સત્ય સાઈ સેવા સંગઠન - ગુજરાત રાજ્ય

## નવેમ્બર-૨૦૨૦ પ્રવૃત્તિ અહેવાલ

મુખ્ય અંશોઃ-

૧. ગુજરાતના ૧૬ જીલ્લાઓ (માંથી ૯ સક્રિય)ની ૫૭ સમિતિઓ (પૈકી ૩૩ સક્રિય) એ નવેમ્બર માસમાં કુલ ૧૫૫ પ્રવૃત્તિઓ કરી, જેમાં ૮૫૫ ભાઈઓ અને ૮૫૧ બહેનોએ ભાગ લીધો, જે થકી લાભાર્થીઓની સંખ્યા છે ૯૮૧૬.

૨. ભજન અને બાલ વિકાસ ઉપરાંત નારાયણ સેવા પ્રવૃત્તિ દરેક સમિતિ ખાતે વિશેષ રહી (૪૧ નારાયણ સેવા-૬૩૭૮ લાભાર્થી). અમૃત કલશમ્ કીટ્સનું પણ વિતરણ થયું. ૪ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન થયું. મેડીકલ સેવાઓ પણ રાબેતા મુજબ થઈ.

૩. ભગવાન બાબાના ૯૫ માં જન્મોત્સવની ઉજવણી, દરેક સમિતિએ, વિવિધ કાર્યક્રમોના આયોજન દ્વારા,પોત-પોતાની રીતે, ખૂબ જ ભવ્ય રીતે, ભાવપૂર્વક અને પ્રેમપૂર્વક કરી.

૪. રાજ્ય સ્તરીય રીતે અખંડ ભજનમાં દરેક સમિતિએ ભાગ લીધો. કેટલીક સમિતિઓએ વૈશ્વિક અખંડ ભજનમાં પણ ભાગ લીધો.

સ્વામી, આપણને સૌને આ રીતે જ પ્રવૃત્ત રાખે, એમના સંગઠનમાં સેવા કરવાની તક આપે અને આપણાં જીવનના સારથિ બનીને રહે એ જ પ્રાર્થના.

*(શ્રી રાજીવ ગોસાઇ-સ્ટેટ યુથ લીડર દ્વારા રજુ કરવામાં આવેલ અહેવાલના આધારે)*

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**


**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૦**
**અંક : ૩૩૮**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦
૨૫$ અથવા ૧૮£

**લવાજમ ની રકમ પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના નામે ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવી**



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ''
એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

સંપર્ક માટે :
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com



ટાઇટલ પેજ ફોટોગ્રાફ
**ભગવાન શ્રી સત્ય સાઇ બાબા**




આજે દેશમાં જે અવ્યવસ્થા, જૂઠાણું, અરાજકતા, ગુન્હાખોરી અને હિંસા પ્રવર્તી રહી છે તેની પાછળનું મુળ કારણ શું છે?

મૂળ કારણ છે-માનવીય સ્વભાવથી વિપરીત/માનવીય મોભાને અણછાજતું લોકોનું વર્તન, કે જેને કારણે આજની આ સ્થિતિ છે. આજે જે શિક્ષણ અપાય છે તેને માનવીય મૂલ્યો સાથે કોઈ સંબંધ રહ્યો જ નથી. ક્ષેત્ર કોઈ પણ હોય ચાહે રાજકીય હોય કે સામાજિક વર્તન હોય, આર્થિક ગતિવિધિનું હોય કે આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું હોય-દરેક કર્મ -ક્રિયા, તે છેવટે તો માનવીય મનને જ પ્રતિબિંબિત કરે છે; માનવીય મનના વલણને જ આધારિત હોય છે. મનમાં બદલાવ લાવ્યા વગર આ પ્રવૃત્તિમાં કોઈ બદલાવ આવી ન શકે. આથી જ વેદશાસ્ત્રો ઘોષણા કરે છે કે મન એ જ માનવીના બંધનનું અને મુક્તિનું કારણ છે.

-ભગવાનશ્રી સત્ય સાઈબાબા

## અનુક્રમણિકા...

પા.નં.


૦૪ **સાઈ જ સદ્‌ગુરુ શ્રેષ્ઠ છે.**
અવતાર વાણી

૦૮ **સર્વ સ્વરૂપમાં વ્યાપ્ત છે દિવ્યતા**
ભગવાનનો નાતાલ-સંદેશ

૧૩ **પરિવર્તન જ સાચા સ્થાને દોરી જાય છે.**
ડો. રમેશ એમ. વઢવાણી

૨૦ **ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના મારા અનુભવો**
ડોક્ટર ગોતેતી સરસ્વતી

૨૫ **ઈશ્વરમા શ્રદ્ધા ન હોવાનો જીવલેણ રોગ**

૨૬ **ભગવાન શ્રી સત્ય સાઈ બાબા ની અલૌકિક દુનિયા**
એસ. એન.નાગાનંદ


આપને અંક ન મળે તો પોસ્ટ દ્વારા જાણ કરવા વિનંતી. આપની પોસ્ટ ઓફીસમાં પણ તપાસ કરશો. સનાતન સારથિ દર માસની ૨૦મી તારીખે રવાના કરાય છે.

અવતાર વાણી

# સાઈ જ સદ્ગુરુ શ્રેષ્ઠ છે.

## પ્રભુની પ્રીતિ, પ્રભુના પ્રેમ પાત્ર બનો

પરમાત્મા જ શાશ્વત-નિત્ય દ્રષ્ટા-સાક્ષી રૂપ છે. છતાં પણ આજે દિવ્યતાનું વિસ્મરણ થઈ રહ્યું છે. આજનો માનવી શાશ્વત ને છોડીને ક્ષણભંગુર-નાશવંત પાર્થિવ પદાર્થોની પાછળ ભાગદોડ કરે છે.

**પ્રભુને ખુશ કરવા માટેજ દરેક કાર્ય કરો.**

ઈશ્વરની નજીક કોણ હોય? જે કોઈ ઈશ્વરીય આદેશને આનુસરે, અને જે દિવ્ય સાત્વિક સદગુણો ધારણ કરે છે તે જ ઈશ્વરની નજીક છે. જેને ઈશ્વરમાં અતૂટ અને અખૂટ શ્રદ્ધા હોય તે જ વાસ્તવમાં સાચો માનવ છે. 'માનવ' નો અર્થ શો છે? માનવ મનીષી પણ કહેવાય છે. મનીષી એટલે પ્રેમનું સ્વરૂપ મનીષી ma–ni–si. પરંતુ જો આ ત્રણ અક્ષરોને ઉલટાવી લખવામાં આવે તો si(ci)ne–ma. આજનો માનવ સિનેમા થઈ ગયો છે. માનવ માનવ મટીને સિનેમા બન્યો છે-કૃત્રિમ જીવનનો સ્વામી બન્યો છે. સિનેમાના પરદા પરનું રુદન કૃત્રિમ, સ્મિત કૃત્રિમ. સિનેમાના પરદા પરનો આભાસી જન્મ, તેના પરનું મૃત્યુ, તેના પર થતું સુખનું દર્શન પણ-આભાસી-બનાવટી-છેતરામણું. પડદા પરની પ્રત્યેક વસ્તુ બનાવટી. જીવનમાં ક્યારેય પણ આવો બનાવટી-છેતરામણો રાહ ન અપનાવશો. જો તમે ઈશ્વરના આદેશનું પાલન કરશો તો અન્ય સર્વ વાતો અને વિષયો તેની પાછળ આવશે. જો તમારી પાસે સૂવર્ણ (સોનું) હશે તો તમારી પસંદગીના અલંકારો પણ મળી રહેશે. જો સોનું જ નહીં હોય તો અલંકાર શી રીતે પ્રાપ્ત થશે ? તમારી પ્રાર્થનાનો સૂર આવો છે, મને કૃપા કરો, મને આશિષ આપો, મને પ્રેમ આપો." આ બધાજ બનાવટી ઉદ્દગારો છે. માત્ર ને માત્ર દેખાડો કરવા માટે જ છે. તો સાચું સોનું ક્યું ? સાચી પ્રાર્થના તો આ છે, પ્રભુ હું તમને ઈચ્છું છું, તમને જ ઈચ્છું છું. હું તો ઈશ્વરને જ ઈચ્છું છું. જો પ્રભુ જ તમારા હોય તો અન્ય સર્વસ્વ તમારૂં જ હશે. જો ઈશ્વર જ ન હોય તો કશું ય ન હશે. સર્વ શૂન્યવત છે. સર્વ ભૌતિક પદાર્થો-પાર્થિવ વિષયો, જેની પાછળ માણસ દોડે છે તે શૂન્યવત છે. દૈવત્વ વિના શ્રવણ, અનુભૂતિ કે સુખનો અનુભવ એ સર્વ આભાસી છે. પરમાનંદને સાંભળી ન શકાય, ન તો જોઈ શકાય કે ન તો કદી ભૂલી શકાય. આડંબરી/કૃત્રિમ જીવન ન જીવો. જીવનમાં સત્યનું અનુગ્રહણ કરો અને દિવ્ય પ્રેમનો અનુભવ કરો. ઈશ્વર પ્રેમ છે, પ્રેમ ઈશ્વર છે પ્રેમમય જીવન જીવો. આવો પ્રેમ શી રીતે કેળવી શકાય ?

**દિવસ નો આરંભ પ્રેમથી કરો,દિનભર પ્રેમની લાગણી અનુભવો, દિવસ આખો પ્રેમસભર વિતાવો, પ્રેમથી જ દિવસ પૂરો કરો. ઈશ્વર તરફ જવાનો આ જ માર્ગ છે.**

પરંતુ દિવસનો પ્રારંભ આપણે શી રીતે કરવો જોઈએ ? આપણે તો દિવસનો પ્રારંભ

નિરાશામય અને દિવસનો અંત ચિંતાગ્રસ્ત બની કરીએ છીએ, નેપોલિયને કહ્યું "નિર્મળ અને નિશ્ચિંત બનો, બાકી બધું આપો આપ જ થયા કરશે."

સૌ પ્રથમ તો નેપોલિયનને પોતાના મન પર જ ખૂબ સયંમ હતો. જ્યારે વ્યક્તિને પોતાના મન પર કાબુ હશે – સંયમ હશે તો તેના સર્વ કાર્યો સ્વયમ પૂજા બની રહેશે. ગમે તે કાર્ય કરો. તમને જે ગમતું હોય તે કાર્ય કરો. ઓફિસ જાઓ, વ્યાપાર કરો, અભ્યાસ કરો કે પછી નોકરી કરો. તમારું પ્રત્યેક કાર્ય ઈશ્વરને રાજી રાખવા, ઈશ્વરને પ્રસન્ન રાખવા કરવું જોઈએ. ઈશ્વરની અનુભૂતિ શી રીતે થાય ? તમે ઈશ્વરને જ સર્વ કર્તા હર્તા તરીકે સ્વીકારો ત્યારે જ તમને ઈશ્વરની અનુભૂતિ થઈ શકે. આ કાર્ય મેં કર્યું છે એમ કહેવું સદંતર ખોટું છે. ધારો કે તમારે તમારૂં ઘર બાંધવું છે. તો એ વિચાર તમને ક્યાંથી સ્ફુર્યો ? એ વિચાર તો તમારા હૃદયમાં જ ઉદભવ્યો. તો હૃદય શું છે અને ક્યાં છે ? સર્વના હૃદય જ, ઈશ્વરનું નિવાસ સ્થાન છે. એટલે હૃદયમાં જે કઈ ઉદભવે તે દિવ્ય જ હોય. તમે તો કોઈ પણ કર્મના કર્તા નથી જ; તે સર્વના કર્તા તો પરમાત્મા જ છે. પરંતુ આજે આ સત્ય સ્વીકારવા માનવી તૈયાર નથી.

**જીવનના નાટ્ય રંગમંચ પર યોગ્ય પાત્ર ભજવો.**

તમારી પાસે એક સફરજન છે. તમે તે ખાવા ઈચ્છો છો. તમે સફરજનના સંતોષ માટે તે ખાઓ છો? ના, તમે તો તમારા પોતાના સંતોષ ખાતર ખાઓ છો. તમારા મિત્રનું બાળક હોય અને તમે તેને વહાલ કરો છો, તો એ કોના સંતોષ માટે કરો છો? તે બાળકના? ના, એ તો તમે તમારા પોતાના સંતોષ ખાતર જ કરો છો. એટલે જીવનમાં તમે જે કઈ સર્વ કર્મો કરો છો તે તમારા સ્વ સંતોષ માટે. નહિ કે તમારા મન, શરીર કે ઈન્દ્રિયો ના સંતોષ માટે.

ડૉક્ટર હાથમાં ચપ્પુ પકડે છે અને શસ્ત્રક્રિયા કરે છે. આ ક્રિયા કોણ કરે છે? ચપ્પુ? ના શસ્ત્રક્રિયા તો ડોક્ટર જ કરે છે; છરી તો માત્ર સાધન છે. જે રીતે છરી નિમિત્ત છે તેમ તમારું શરીર તમારું મન અને તમારું મગજ (બુધ્ધિ) પણ નિમિત્ત જ છે.

એ તો તમારું સદ્દનસીબ છે કે ઈશ્વર નિદર્શિત નાટકમાં તમે તમારો ભાગ ભજવો છો, ઈશ્વર જ પાત્રની પસંદગી કરે છે અને તેને કામ સોંપે છે. અહીં પસંદગી થાય છે-નિયુક્તિ થાય છે. આજે દુન્યવી જગતમાં ક્યાંય પણ પસંદગીને અવકાશ નથી. પસંદગીના સ્થાને આજે તો ચૂંટણી થાય છે. પસંદગી હૃદયથી થાય છે જ્યારે ચૂંટણી એ મનનો વિષય છે. ચૂંટણીમાં શું શું થાય છે તે તો તમે જાણો જ છો. તમે પરમાત્માની પસંદગીના ઉમેદવાર નથી. અને તેમ છતાં તમે ચૂંટણીમાં જીત મેળવો છો. શી રીતે? તમે નાણાં આપો અને મત મેળવો. પૈસાના બદલામાં મત મેળવાય છે. આ છે હાલની ચૂંટણી પ્રક્રિયા અને તેથી જ પસંદગીનું મહત્વ છે, ચૂંટણી નહીં. પસંદગીમાં તમારો અંતરાત્મા એજ પ્રભુ છે.

તમે પરમાત્મા થકી પસંદ થયા છો. પરમાત્માનું ધ્યાનપૂર્વક શ્રવણ કરવાના

અધિકારી બની રહો, તેમના આદેશને અનુસરવા માટે કૃપા પાત્ર બનો. સાચું સદનસીબ આ છે. માનવ જીવનનું લક્ષ્ય પણ આ જ છે. પ્રેમનું જ અતિ મહત્વ છે. આ વિશ્વમાં પ્રેમથી સર્વોપરી અન્ય કાંઈ જ નથી. પ્રેમનું મૂલ્ય તો અતુલનીય છે. સર્વનો સમાવેશ પ્રેમમાં રહેલો છે. માટે પ્રેમમાં જ જીવો, પ્રેમભીનું જીવન જીવો. સદા સુખી રહો અને ઇશ્વરની સેવા-વંદના કરો અને તો તમે સદાય નવીન અને તાજગી યુક્ત પરમ આનંદ પામશો. સદાય હસતાં રહો. તમારો ચહેરો કદી પણ ગ્લાનિયુક્ત ન રાખો કારણ કે સ્વામીને હંમેશા હસતાં ચહેરા જ ગમે છે. હાસ્યના બે પ્રકાર છે. એક છે હસન અને બીજું છે પ્રહસન. હસન તે મંદ હાસ્ય-સ્મિત છે જ્યારે પ્રહસન સિનેમામાં દેખાતું અટ્ટહાસ્ય છે કદી મોટેથી ન હસો. ઈશ્વરની ભાષા કઈ છે? શાંતિ અને મૌન એ ઈશ્વરની ભાષા છે. સદાય શુધ્ધ-નિર્મળ-પવિત્ર હૃદયના બની રહો અને અવિચળ ભક્તિ કરતાં રહો. જીવનભર હસતાં જ રહો.

જ્યારે હૃદય પ્રેમસભર હશે ત્યારે તમારી વાણીમાં પણ માધુર્ય હશે-મીઠાશ હશે. બહેનોએ હમણાં જ ગાયું. હે પ્રભુ આપ તો મધુરાતીમધુર છો ઈશ્વરમાં અનુભવાતું માધુર્ય ક્યાંય જોવા ન મળે. કૃષ્ણમ્ મધુરમ્, દ્રશ્યમ્ મધુરમ્, શ્રવણમ્ મધુરમ્-કૃષ્ણમ્ મધુરાતિ મધુરમ્. ભગવાનના તો રોમે રોમમાંથી માધુર્ય નીતરે છે. જે પરમાત્માની આ મધુરતાનો અનુભવ કરે છે. તે જીવનમાં સુખ પામે છે. માટે ઈશ્વરને વધુ ને વધુ પ્રેમ કરો-ચાહો. માત્ર વ્યાખ્યાનોનું શ્રવણ કે પુસ્તકોનું વાંચન જ પૂરતું નથી. વાંચન અને શ્રવણને આચરણમાં મૂકો, અન્યથા સર્વ શ્રવણ અને વાંચન વ્યર્થ છે. સાધના પણ સતત પ્રયોગ વિના નકામી છે. તમે ઈશ્વર નામ સ્મરણ કરો છો. તમે ધ્યાન કરો છો, તમે ભજન પણ કરો છો, આ સર્વ તમે શરીર દ્વારા કરો છો. અને તો પછી શરીર શુષ્ક ન રહેતા પ્રેમાર્દ્ર બનવું જોઈએ, અંગે અંગમાંથી પ્રેમ નિતરતો હોવો જોઈએ. એક વાટકીમાં પાણી ભરેલું છે. વાસણ વિના પાણીનો સંગ્રહ કરવો શક્ય નથી. તમારું શરીર એ પણ એક વાસણ છે. એ વાસણમાં પ્રભુ પ્રેમનું વારિ છલોછલ ભરી દો. હૃદયને પણ પ્રેમ સંપન્ન બનાવી દો. અને તો જ હૃદયમાંથી પ્રેમનો પ્રવાહ વહેશે. ભક્તિ એટલે જ શુધ્ધ પ્રેમ. શુધ્ધ પ્રેમ જ પરમ આનંદનો દાતા છે. કવિ જયદેવ પણ કહે છે.

સ્વાદ પારખું હે જીવ્હા, તું તો પવિત્ર છે, તો સત્યનું ઉચ્ચારણ પણ મધુર ભાવે કરો. કદી પણ કટુ સત્ય ન ઉચ્ચારો. ગોવિંદ નામ, માધવ નામ અને દામોદર નામનું ભજન કરી લે આ તો તારો ધર્મ છે (સંસ્કૃત પદ).

જીભ, દાંતોની વચ્ચે હલન-ચલન કરે છે અને છતાં ઇજા મુક્ત રહે છે, તે જ રીતે માનવે પણ આ સામાજિક વ્યવહારમાં સાવચેતીપૂર્વક - કાળજી પૂર્વક રહેવું જોઈએ. આ જ્ઞાન અને વિવેકનું કદી વિસ્મરણ ન થવું જોઈએ.

સ્વાદની રાણી જીભ, જે ગળ્યું છે-મધુર છે તેનો જ સ્વીકાર કરે છે અને જે કડવું છે તે બહાર ફેંકી દે છે. જીભને સારા-નરસાની પરખ

છે. તેથી તે સારાનો સ્વીકાર કરે છે અને નઠારાને ફંગોળી દે છે. એટલુ જ નહીં જીભ કેટલી સાત્વિક છે! તે કદી બહાર નીકળતી નથી કે કોઈને મળવા પણ જતી નથી. કેટલાક લોક કે જેઓ ઉંદર અને બિલાડીની માફક ઘરે-ઘરે ભટકે છે તેવું જીભ કદી પોતાનું સ્થાન છોડીને ફરતી નથી. જીભથી સદાય મીઠી વાણી ઉચ્ચારો. જીહવા થકી અસત્ય ન બોલો, નિંદા ન કરો કેની રે... જીભ પર તો સદાય પ્રભુનું નામ રમતું રહે. જીભ તો નર્તકી છે. તે સદાય નાચતી, કૂદતી, ઊછળતી રહે છે. તમે નર્તકીને અંકુશમાં શી રીતે રાખી શકો? નર્તકી શબ્દને ઊલટાવો તો કીર્તન શબ્દ બનશે. માટે જીહવા થકી સદા કીર્તન કરતાં રહો. જીભથકી સદાય પ્રભુના ગુણગાન ગાયા કરો. સદા નિરંતર હરી ગુણ ગાઓ, પ્રેમ ભક્તિ કે ભજન સુનાવો.

**ભક્ત અને ભગવાન એક જ છે**

મધુર અને સત્ય ઉચ્ચારણો થકી તમારી જીભને પવિત્ર રાખો, કીર્તન કરો, ભજન કરો અને તે પ્રેમથી કરો. ભજન-કીર્તન પૂર્ણ પ્રેમ ભાવથી કરો-માત્ર જીભથી ઉચ્ચારણ ન કરો હૃદય ના સાચા ભાવથી કરો. તમારું ભજન-કીર્તન પણ કોઈ દબાણ વશ કે કરવા ખાતર ન કરો, હૃદયના ભાવપૂર્વક કરો. તમારા જીવનમાં પણ આ જ આદર્શ મહત્વનો છે; જીવનના રંગમંચ પર જે ભાગ ભજવો તે સાચા ભાવ પૂર્વક ભજવો; તમને કીર્તિ પ્રાપ્ત થશે. લોકો તમને સારા અદાકાર તરીકે યાદ કરશે પરંતુ લોકો તમારી પ્રશંસા કરે એટલુ જ પૂરતું નથી. તમારા આચરણને-તમારા જીવન વ્યવહારને પ્રભુનો આવકાર મળે તે જરૂરી છે. જો પ્રભુ તમારો સ્વીકાર ન કરશે તો લોકો તરફથી પણ સાચો આવકાર ન પામશો. જો ઈશ્વર જ તમને ન સ્વીકારે તો તમારી શું કિંમત રહી ! પ્રભુ તો દિવ્ય માતા છે; તેનો પ્રેમ અખૂટ છે-અલૌકિક છે. પ્રભુના પ્રીતિ પાત્ર બનવાનો પ્રયત્નો કરો. આ દિવ્ય પ્રેમની પ્રાપ્તિ શી રીતે થાય? ઈશ્વરના આદેશનું પાલન કરી, ઉદાહરણીય જીવન જીવીને એ પ્રેમ સંપાદન કરો, પછી તો ભગવાન પણ ભક્તને આધિન બની રહેશે.

ભગવાન ભક્તનું સર્જન કરે છે તો ભક્ત પણ સદૈવ-નિરંતર પ્રભુનું સ્મરણ કરીને ભગવાનનું સર્જન કરે છે. તેથી ભગવાન અને ભક્ત એકજ અભિન્ન છે. પ્રભુ પાસે સર્જનાત્મક શક્તિ છે તો ભક્તમાં પણ એ શક્તિ રહેલી છે. ભગવાન વિના ભક્તનું હોવું શક્ય જ નથી જ્યારે ભક્ત જ ન હોય તો ભગવાનની કોઈ કિમત જ નથી. ભક્ત અને ભગવાન વચ્ચેની ઐકયતા જ ઉચ્ચતમ માનવીય ગુણોને જન્માવે છે અને સાબિત કરે છે કે ભગવાન અને ભક્ત એકજ છે – અદ્વૈત છે.

પ્રવર્તમાન સમયમાં આ સત્યની અવહેલના થઈ રહી છે માનવ રૂપે જન્મ લઈ માધવ જેવુ જીવન જીવવું જોઈએ. નર સ્વરૂપે જન્મ ધારણ કરી નારાયણ રૂપે મૃત્યુને ભેટવું જોઈએ. જન્મ સમયે આપણા રૂદનનો સાદ હોય છે, કોહમ કોહમ કોહમ – હું કોણ, હું કોણ, હું કોણ. તો અવસાન સમયે આપણો એ નાદ હોવો જોઈએ સોહમ સોહમ સોહમ. . . હું બ્રહ્મ

છું. પરીક્ષા ખંડમાં બેસીને આખોય વખત પ્રશ્નપત્રોનું વાંચન કરતાં રહો તો ઉત્તર ક્યારે લખશો ? અને તો પછી પરિણામની આશા શી રીતે રાખી શકાય? પરિણામ શૂન્ય જ હોય. પૃથ્વી પરની તમારી અવધિ સમાપ્ત થાય તે પહેલા ઉત્તરનો વિચાર કરી લો અને તો તમે પરીક્ષામાં સફળ થશો. અને તમને ડિગ્રી પ્રાપ્ત થશે. તમે સફળ થશો અને પ્રભુ તમને શરણમાં લઈ કહેશે, તું મારો છે. પ્રભુની આ વાણી જ મનુષ્યજીવનની શ્રેષ્ઠતમ સિધ્ધિ છે. તમને પ્રાપ્ત થયેલ આ અવસરને સાચવી લો. અને આ સાચવવા માટે નિરંતર પ્રભુ સ્મરણ જ આવશ્યક છે.

(પોતાના આ દિવ્ય ઉદબોધનના અંતે ભગવાને પોતાનું પ્રિય ભજન ગવડાવ્યું. “પ્રેમ મુદિત મનસે કહો રામ, રામ, રામ,...”)

**6 એપ્રિલ 1996 નું “સાઈ શ્રુતિ” કોડાઈ કેનાલ ખાતે ભગવાનનું દિવ્ય પ્રવચન**

---

ભગવાનનો નાતાલ-સંદેશ

# સર્વ સ્વરૂપમાં વ્યાપ્ત છે દિવ્યતા

### ઈશ્વરની સૃષ્ટિમાં ઈશ્વરને નિહાળો

પ્રેમ સ્વરૂપો ! "સત્યમ્ બ્રૂયાત્, પ્રિયમ બ્રૂયાત્, ન બ્રૂયાત્ સત્યમ્ અપ્રિયમ્"- સત્ય બોલો, પ્રિય બોલો, અપ્રિય સત્ય બોલશો મા. આ ત્રણે ક્રમાનુસાર નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યો સાથે સુસંગતતા ધરાવે છે. મનુષ્ય આ ત્રણે મૂલ્યોનું મિશ્રણ છે. મોજાં વિના મહાસાગર હોઈ શકે નહીં. વિના કિરણો, સૂર્ય હોઈ શકે નહીં. તે જ પ્રમાણે, પ્રેમ વિનાના કોઈને માનવી કહી શકાય નહીં. જેમ મોજાં મહાસાગર માટે છે, અને કિરણો સૂર્ય માટે છે, તે પ્રમાણે પ્રેમ મનુષ્ય માટે છે. તેથી મનુષ્યે પોતાનાં જીવનમાં પ્રેમ ભરી દેવો જોઈએ. તેણે કોઈને ધિક્કારવાનો નથી કે નથી હિંસા આચરવાની. તેણે પોતાનાં હૃદયને અનુકંપાથી ભરી દેવાનું છે. જે દયા સહિત છે તે જ હૃદય છે. માનવીમાં રહેલાં દુર્ગુણો માટે અહંકાર અને અસીમ આકાંક્ષાઓ જવાબદાર છે. અહંકારી માનવીનાં હૃદયમાં કરૂણા હોઈ શકે નહીં.

**ઈશુ ખ્રિસ્તે ઐક્યતાનો સિદ્ધાંત શીખવાડયો**

વ્યક્તિએ આપમતલબી અને સ્વાર્થી જીવન જીવવું જોઈએ નહીં. રાષ્ટ્રની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને વર્તન કરવું જોઈએ. સંપૂર્ણપણે સ્વતંત્ર જિંદગી જીવી શકે નહીં, તેણે સમાજ ઉપર આધાર રાખવાનો છે. પ્રકૃતિ એ વ્યષ્ટિ, સમષ્ટિ, સૃષ્ટિ અને પરમેષ્ટિનું (એટલે વ્યક્તિ, સમાજ, સર્જન અને સર્જકનું) સંયોજન છે. વ્યક્તિએ સમાજની સેવા કરવી જોઈએ અને સૃષ્ટિમાં ઈશ્વરને નિહાળવાનો પ્રયાસ કરવો જોઈએ. ઈશુએ કહ્યું હતું કે જે વ્યક્તિને સમાજ પ્રત્યેની ફરજોનું ભાન નહીં હોય તો તે વ્યક્તિ નિરુપયોગી છે.

જ્યાં એકતા છે, ત્યાં પવિત્રતા છે; જ્યાં પવિત્રતા છે, ત્યાં દિવ્યતા છે; જ્યાં દિવ્યતા છે, ત્યાં પરમાનંદ છે.”

લોકોએ એકતા, પવિત્રતા અને દિવ્યતા વચ્ચે રહેલા ગાઢ અને અવિચ્છિન્ન સંબંધને પિછાણવાની જરૂર છે.

જ્યારે ઈશુનો જન્મ થયો ત્યારે ત્રણ અરેબિયન રાજાઓ તેમનો આદરભાવ અર્પણ કરવા આવ્યા હતા. ત્રણમાંના એકે એવું કહ્યું હતું કે આ શિશુ ભગવાનનો ચાહક બની રહેશે. બીજાએ કહ્યું કે તે ભગવાનનો વહાલો હશે, અને ત્રીજાને એવું લાગ્યું હતું કે તે ખરેખર ભગવાન હતો. વ્યક્તિ-વ્યક્તિએ અભિપ્રાયમાં ફેરફાર થતો હતો કારણ કે દરેક એકબીજાંથી ભિન્ન હોય છે. આપણાં પૂર્વજોએ વિવિધતામાં એકતા નિહાળી હતી જ્યારે કલિયુગના પ્રભાવે આધુનિક મનુષ્ય એક્તાને વિવિધતામાં ટુકડે ટુકડા કરી નાંખે છે. વેદાંત અનુસાર, મનુષ્ય ભૂતાકાશ(તન-શરીર), ચિત્તાકાશ(મન) અને ચિદાકાશ(આત્મા)નું સંયોજન છે. ભૂતાકાશ શરીરને અને જે કંઈ નરી આંખે દેખાય છે તેને સુસંગત છે. જે બધું દેખાય છે તે અદૃશ્ય થવાનું જ છે એટલે કે ભૂતાકાશ, અલ્પકાલિક અને ક્ષણભંગુર છે. પૃથ્વીથી કરોડો માઈલ દૂર રહેલા તારાઓ, સૂરજ અને આકાશગંગા પણ ભૂતાકાશમાં છે. સરિતાઓ, સમુદ્રો જંગલો અને પર્વતો ભૂતાકાશના ભાગની રચના કરે છે. ભૂતાકાશમાં તમામ ભૂતો(તત્વો) અને જીવજંતુઓનો સમાવેશ છે.

આટલા વ્યાપક ભૂતાકાશની ઉપર ચિત્તાકાશ(મન) છવાઈ જાય છે. હવે તમે આ ચિત્તાકાશની વ્યાપકતા-વિશાળતા-ની કલ્પના કરી શકો છો. સૂરજ, તારા, નદીઓ, મહાસાગરો, વગેરે,નો સમાવેશ કરતું ભૂતાકાશ, ચિત્તાકાશનો નાનકડો ભાગ બનાવે છે. તે કેવી રીતે શક્ય છે તેનાથી તમને નવાઈ ઉપજશે. તમે જે કંઈ, દાખલા તરીકે, સૂરજ, તારાઓ, દરિયાઓ, પર્વતો, વગેરે જુઓ છો તે તમામ તમારાં ચિત્તમાં અંકિત થઈ જાય છે. તેવી રીતે દ્રશ્યમાન દુનિયા તમારામાં એક નાનકડી હસ્તી તરીકે સમાવિષ્ટ છે.

ભૂતાકાશ અને ચિત્તાકાશ અનુક્રમે શરીર અને મન સાથે સંબંધ ધરાવે છે. તે આ બંને માટે મૂળભૂત પાયો છે જેનો વેદાંત ચિદાકાશ તરીકે ઉલ્લેખ કરે છે. તે આત્માને સુસંગત છે. માનવી આ ત્રણ - ભૂતાકાશ(શરીર), ચિત્તાકાશ(મન) અને ચિદાકાશ(આત્મા)નો સંયોગ છે. આમાં પ્રથમ છે તે, 'તમે જેવું વિચારો છો તેવા છો' તેની સાથે સંબંધ ધરાવે છે; દ્વિતીય છે તે, 'અન્યો વિચારે છે તેવા તમે છો' તેની સાથે સંબંધ ધરાવે છે અને તૃતીય છે તે, 'તમે ખરેખર જેવા છો' તેની સાથે સંબંધ ધરાવે છે.

મનુષ્યનો સ્વભાવ અનંત-અસીમ અને અવિનાશી-અમર છે. આવાં માનવીય જીવનને નીચ અને અધમ તરીકે લેખવામાં આવે છે. લોકો આત્માનાં અસ્તિત્વનો ઈનકાર કરે છે કારણ કે તેને ઇન્દ્રિયો વડે સમજી શકાય તેમ-બુદ્ધિગમ્ય-નથી. ચિદાકાશ આત્માનું પ્રતિક છે. તેનું કોઈ રૂપ નથી. તે અફર-અપરિવર્તનશીલ છે, અને સમય તથા અવકાશથી પણ ઉપર છે. તેનું વર્ણન વેદાંત આ પ્રમાણે કરે છે: નિર્ગુણમ્, નિરંજનમ્, સનાતન નિકેતનમ, નિત્ય, શુદ્ધ,

બુદ્ધ, મુક્ત, નિર્મલ સ્વરૂપિણામ્ (એટલે કે ગુણરહિત, નિર્મલ, અંતિમ નિવાસસ્થાન, શાશ્વત, વિશુદ્ધ, બુદ્ધ, મુક્ત અને પવિત્રતાનું સ્વરૂપ છે).

ભૂતાકાશ જાગ્રતાવસ્થા, ચિત્તાકાશ સ્વપ્નાવસ્થા અને ચિદાકાશ સુષુપ્તાવસ્થા સાથે સુમેળ ધરાવે છે. ચિદાકાશમાં પરમાનંદનો અનુભવ થાય છે. તે એવી હકીકતથી સમજી શકાય છે કે જ્યારે તમે રાત્રે સારી રીતે ઊંઘ લો છો ત્યારે તમને શાંતિનો અહેસાસ થાય છે. જ્યારે તમે કહો છો કે આ મારું શરીર છે, આ મારું મન છે ત્યારે તેનો અર્થ એવો થયો કે તમે તેનાથી ભિન્ન છો. હકીકતમાં, તમે માસ્ટર(આત્મા) છો. મન ઉપર પ્રભુત્વ મેળવો અને પ્રખર બુદ્ધિશાળી-ભેજાબાજ-(માસ્ટરમાઈન્ડ) બનો. દરેક વસ્તુનો 'માસ્ટર' હોવાથી, મનુષ્ય તેની જાતને કેવી રીતે નીચ અને નિર્બલ ગણી શકે? ચિદાકાશ મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ છે. ભૂતાકાશ, ચિત્તાકાશ અને ચિદાકાશ પ્રત્યક્ષમ્, પરોક્ષમ્ અને પવિત્રમ્ ને સુસંગત છે. ચિદાકાશ નામ અને રૂપથી ચડિયાતું છે. તેને શબ્દ બ્રહ્મમયી, ચરાચરમયી, જ્યોતિર્મયી, વાંગ્મયી, નિત્યાનંદમયી, પરાત્પરમયી, માયામયી અને શ્રીમયી તરીકે વર્ણવવામાં આવે છે. આત્મા એ આકાર (રૂપ)ની મર્યાદાઓથી પર છે. બુદ્ધ અને ઈશુએ આત્માનાં દર્શન માટે પરસ્પર એકમેકને-સંયોજિત-પ્રયાસો કર્યા હતા. બુદ્ધને ખ્યાલ આવી ગયો હતો કે નામો, રૂપો અને શારીરિક સંબંધો અલ્પકાલીક છે. તેમણે કહ્યું હતું કે વ્યક્તિએ તેનાથી ગેરમાર્ગે દોરાવું જોઈએ નહીં-' યદ્ દ્રશ્યમ તન્નાશ્યમ્- જે બધું દેખાય છે તે નાશ થવાનું જ છે. તેમણે વિવિધ પવિત્ર ગ્રંથોનું અધ્યયન કર્યું હતું. તેમના શ્રોતાગણમાં ઘણાં વિદ્વાનોનો સમાવેશ હતો, પરંતુ તેઓ સંતુષ્ટ નહોતા. આખરે, તેઓ એવા તારણ ઉપર આવ્યા કે પાંચ ઇન્દ્રિયોના યોગ્ય ઉપયોગ વડે જ નિર્વાણની પ્રાપ્તિ થઈ શકે. જો ઇન્દ્રિયોનો દુરુપયોગ કરવામાં આવે તો કોઈ પણ આધ્યાત્મિક સાધના મનવાંછિત પરિણામ મેળવી શકે નહીં. પવિત્ર દ્રષ્ટિ રાખો. સારા શબ્દો બોલો. જે સારું હોય તેનું શ્રવણ કરો. ઉમદા વિચારો લક્ષમાં લેવા. આનાથી વિશેષ કોઈ મોટી આધ્યાત્મિક સાધના નથી. આ બુદ્ધનો ઉપદેશ છે.

તેવી જ બાબત ઈશુએ શીખવી છે. માછીમારો તેમની દુન્વયી ઇચ્છાઓ ઈશુ પાસે પૂરી કરાવવા માંગતા હતા. પિટરને વધુ માછલી જોઈતી હતી, પરંતુ, આખરે, તેને દુન્વયી આકાંક્ષાઓની નિરર્થકતાનું ભાન થયું. તે ઈશુના ઉપદેશાનુસાર, તન અને મનના સ્તરથી પર જવા માંગતો હતો. ઈશુએ તેમને ધૃણા ત્યાગવા અને સૌને પ્રેમ કરવા, સૌની સેવા કરવાનું કહ્યું. એકતાના સિદ્ધાંત પરત્વે શ્રદ્ધા કેળવવાનો ભારપૂર્વક બોધ આપ્યો. ઈશુના ઘણા અનુયાયીઓએ ઈશુના બોધવચનોનો પોતપોતાની રીતે અર્થ ઘટાવ્યો હતો. જ્યારે વધસ્તંભ ઉપર ખીલાં ઠોકીને ઈશુને સજા કરવામાં આવી ત્યારે અલૌકિક

વાણી ઈશુને કાને પડી, "મારા વહાલા વત્સ, બધાં જ એક સરખા છે, દરેક સાથે સમાન રહો." જ્યારે માતા મેરી અશ્રુ સારી રહી હતી ત્યારે ઈશુએ તેને કહ્યું હતું, "મૃત્યુ-મોત-એ તો જીવનનું વસ્ત્ર છે. મૃત્યુ એ વસ્ત્ર બદલવા જેવું છે. દરરોજ તમે કોઈને એકના એક વસ્ત્રો પહેરેલા જોયા છે? જેમ દરરોજ તમે કપડાં બદલો છો તેમ એક જન્મથી બીજા જન્મમાં તમે શરીર બદલો છો. જીવન સિદ્ધાંત નહીં, પણ શરીર મૃત્યુ પામે છે. આત્મા અમર અને અદ્વૈત છે. ઈશુએ કહ્યું છે, "આત્માના અદ્વૈત સ્વભાવનો અહેસાસ કરવા માટે છે સાચું જ્ઞાન- અદ્વૈત દર્શનમ્ જ્ઞાનમ્. એકમેવ અદ્વિતીયમ્ બ્રહ્મ- બ્રહ્મ ફક્ત ને ફક્ત એક જ છે. બીજું છે જ નહીં. મનુષ્ય દુન્યવી ભાવનાઓ અને બાહ્ય વલણોને કારણે ભગવાનને નામો અને સ્વરૂપો આપે છે.

**<u>આત્માની સમાનતાને પિછાણો</u>**

સાચુ કહીએ તો, ભગવાન એક જ છે. આપણાં ભજનોમાં આપણે ગાઈએ છીએ, 'એક પ્રભુ કે અનેક નામ'. તનની આસક્તિનો ત્યાગ કરો. ત્યાર પછી જ તમે આત્મા પ્રત્યેની આસક્તિ વિકસાવી શકશો. આપને જ્યારે આ દેહ આપવામાં આવ્યો છે ત્યારે તમારે, તમારી ફરજ ખંતપૂર્વક અદા કરવાની રહે છે. યદ્યપિ, આ કાયમી છે એવી લાગણીના ભ્રમમાં રહેશો નહીં. તમામ શારીરિક સંબંધો, પસાર થતાં વાદળાં જેવા છે અને તે બદલાવા જોગ છે. સત્ય જ એક એવું છે જેમાં કદી બદલાવ આવતો નથી, તે ચિદાકાશ છે, તે આત્માનો સિદ્ધાંત છે.

એક માતાને ચાર પુત્રો હતા. પ્રથમ પુત્રે લાલરંગનો રસ માંગ્યો, બીજાએ લીલા રંગનો રસ, ત્રીજાએ કાળા રંગનો રસ અને ચોથાએ સફેદ રંગનો રસ માંગ્યો. તો પછી માતા શું કરે? એક બુદ્ધિશાળી માતા હોવાથી તેણે લાલ, લીલા, કાળા અને સફેદ રંગના ગ્લાસોમાં એક જ પ્રકારનો રસ, પુત્રોને સંતોષવા ખાતર, રેડીને આપ્યો. આપણાં શરીરો પણ પેલા ગ્લાસના જેવા છે. આપણે શરીરોના તફાવતો જોવાના નથી. આપણે ભીતર રહેલા આત્માની એકસમાનતાને સમજવાની છે. ગ્લાસ અને રંગો ભિન્ન હોઈ શકે પણ તે બધામાં મધુર રસ તો એક જ છે. શરીર એક યા બીજે દિવસે નાશ પામવાનું છે. જો તમે શરીરમાં આસક્ત હશો તો દુખી અવસ્થાનો સામનો કરવો જ પડશે. અમરત્વ અને પરમાનંદ પામવા માટે તમારે નામ અને રૂપથી પર થવું પડશે. જ્યાં સુધી તમારી પાસે દેહ છે ત્યાં સુધી તેની સાર-સંભાળ રાખવી પડશે. પરંતુ, તમારે તેમાં વધુ પડતા આસક્ત થવાની કે ચિંતાતુર થવાની જરૂર નથી. અજ્ઞાનતા એ ચિંતાનું મૂળ કારણ છે. જે થવાનું છે તે થશે જ, માટે ચિંતાને કદી મોકો આપશો નહીં. આત્માના સિદ્ધાંતોમાં શ્રદ્ધા વિકસાવો. ઈશુનો આ જ મુખ્ય ઉપદેશ હતો.

ઈશુના ૧૨ અનુયાયીઓમાં એક મેથ્યુ હતો જે વ્યવસાયે ઇન્કમટેક્સ કલેક્ટર હતો અને ટેક્સ ઉઘરાવવા માટે માછીમારોને મળતો હતો. ઈશુ દરરોજ માછીમારોને ઉપદેશ આપતા હતા. તેમના તમામ ઉપદેશોની નોંધ

કરીને તેણે પવિત્ર બાઇબલ લખ્યું હતું. ત્યાર પછીથી, બીજા ઘણા લોકોએ પોતપોતાની લાગણીઓના આધારે બાઇબલ લખ્યા હતા. ઈશુએ પોતે ભગવાન કે માસ્ટર છે એવું કદીયે ક્યાંય કહ્યું નથી. તેમણે ઈશ્વરને સદૈવ પિતા તરીકે જ સંબોધ્યા છે. તેમણે એકતાનો અનુભવ કરવાનો રાહ દર્શાવ્યો છે. તેમણે કદી બહુવિધતાને અવકાશ આપ્યો નથી. તેમણે હંમેશાં કહ્યું છે કે તમામે તમામ લોકો દિવ્ય છે.

શરૂઆતથી જ ઈશુએ પોતે ભગવાન છે એવું કદી ઉચ્ચારણ કર્યું નથી. તેમણે માત્ર એટલું જ કહ્યું હતું કે ઈશ્વર તેમના પિતા છે. લોકોને શીખવાડ્યું હતું કે ભગવાન એક જ છે અને સર્વે તેમના સંતાનો છે. તેમના આલોચકોએ પ્રધાન પાદરીને ઈશુ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. પાદરી પૂરેપૂરા વિદિત હતા કે ઈશુ સત્ય બોલતા હતા. પરંતુ, તેમણે તેમના હોદ્દા-સ્થાન-ને સુરક્ષિત રાખવાના પ્રયાસમાં ઈશુને સમર્થન આપ્યું નહોતું. ઈશુને ક્રૂસ ઉપર ખીલાં ઠોકીને શિક્ષા કરી દેવાનો નિર્ણય લેવાયો. ગવર્નરે આદેશો જારી કર્યા હતા, પરંતુ પાછળથી તેમને પશ્ચાતાપ થયો હતો. રોમન લોકો ઈશુને 'પર્સોના(Persona)' કહીને સંબોધતા હતા. એટલે કે એવી વ્યક્તિ જે પવિત્રતાવાળી છે. અંગ્રેજી શબ્દ 'પર્સન(Person)' આમાંથી લેવામાં આવ્યો છે. તેનો અર્થ થાય છે એકેએક વ્યક્તિમાં દિવ્યતા છે. તેથી, હું તમને દિવ્ય સ્વરૂપો તરીકે સંબોધું છું. હું અને તમે એક છીએ. પ્રત્યેક વ્યક્તિમાં દિવ્ય આત્મા છે. આ વ્યક્તિને જ 'પર્સોના' કહેવાય છે. દિવ્યતા વિના કોઈ જીવન સિદ્ધાંત છે જ નહીં.

**સર્વતઃપાણિપાદ્મ્તત્ સર્વતોક્ષી શિરોમુખમ્ ।**
**સર્વતઃશ્રુતિમાલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ॥**

(ગીતા અધ્યાય - ૧૩/શ્લોક-૧૩).

ભગવાન સર્વ તરફ હાથ, પગ, આંખ, મસ્તક, મુખ અને કાન ધરાવનાર છે, કેમ કે વિશ્વમાં એ સૌને વ્યાપીને સ્થિત છે.

દિવ્યતા સર્વરૂપોમાં વ્યાપ્ત છે. બાઇબલ અને કુરાનમાં અનેક પવિત્ર બોધો સમાવિષ્ટ છે. પરંતુ, જેઓ તેમના બોધને સમજી શક્યા નથી તેવા મૂર્ખ લોકો ખોટો માર્ગ અપનાવે છે. મુસ્લિમો દ્વારા જેમની અલ્લાહ તરીકે ઈબાદત કરવામાં આવે છે, ખ્રિસ્તી સાધકો દ્વારા જેમની જેહોવા તરીકે, વિષ્ણુ ભક્તો દ્વારા જેમની કમલનેત્ર ઈશ્વર તરીકે, શિવને પૂજનીય ગણનારાઓ દ્વારા જેમની શંભુ તરીકે, જે કોઈ રીતે તેમની આરાધના કરવામાં આવે છે તેનો સહર્ષ પ્રતિભાવ આપે છે. કીર્તિ અને નસીબરૂપી કૃપા પ્રદાન કરે છે, અને સુખ તથા આનંદની વર્ષા કરે છે, તેઓ એક છે, પરમ પુરુષ છે, તેમને પરમાત્મા તરીકે પિછાણો. (તેલુગુ કવિતા). તમે તમારા ખુદના સંતોષ ખાતર, ભગવાનમાં વિવિધ નામો અને રૂપોનું આરોપણ કરો છો, પણ ભગવાન અનિવાર્યપણે એક જ છે. તે રામ, કૃષ્ણ, અલ્લાહ અથવા ઈશુ ભલે હોય, તેમના ઉપદેશો મનુષ્યની મુક્તિ માટેના છે. કોઈ પણ ધર્મ અન્યોને નુકસાન પહોંચાડવાનો કે હિંસા કરવાનો ઉપદેશ આપતો નથી. કેટલાક

અનિષ્ટ મન ધરાવતા લોકો પાવન ઉપદેશોનું ખોટું અર્થઘટન કરે છે અને દુષ્કૃત્યો આચરે છે. તમામ ઉમદા આત્માઓએ પવિત્ર બાબતો જ શીખવી છે. તેમણે કહ્યું છે, "સૌને પ્રેમ કરો." તેમણે ધૃણાનો ઉપદેશ આપ્યો નથી. ભગવાન કદી કોઈને અન્યોની હત્યા કરવાનું કહેતા નથી. કોઈને બીજાની હત્યા કરવાનો અધિકાર નથી કારણ કે સર્વેમાં એક જ આત્મા વિદ્યમાન છે. ભગવાનના નામે લોકો અધમ અપરાધો કરે છે. કોઈને માટે તે સારું નથી. સૌને પ્રેમ કરો, સૌની સેવા કરો. હંમેશાં ઉપકાર કરી શકો નહીં, પણ હંમેશાં મદદકર્તા હોઇએ એવી રીતે બોલી શકો છો. પ્રેમથી મહાન કોઈ ભગવાન નથી. પ્રેમ ભગવાન છે, ભગવાન પ્રેમ છે. પ્રેમમય જીવન જીવો. દુર્ગુણોનો નાશ કરો. હલકટ મનવાળા લોકો તેમની અધમતા ભગવાનને આપવાનો પ્રયત્ન કરે છે, તે અજ્ઞાનતાની નિશાની છે. આવા લોકો પ્રત્યે ધ્યાન આપવું નહીં. તમારી પોતાની જાતમાં વિશ્વાસ રાખો, નહીં તો, તમને ભગવાન માટેનો પ્રેમ હોઈ શકે નહીં.

**(તા. ૨૫મી ડિસેમ્બર ૨૦૦૧ના રોજના ભગવાનના 'નાતાલ-પ્રવચન' માંથી અવતરણ).**

# પરિવર્તન જ આપણને આપણા સાચા સ્થાને (નિવાસે) દોરી જાય છે.

ડો. રમેશ એમ. વઢવાણી

**સ્વામી સાથે એક વખત ઇન્ટરવ્યુ થયા બાદ, પાદ નમસ્કાર લીધા બાદ મેં નમ્રભાવે પૂછ્યું, "સ્વામી, હવે હું ફરી ક્યારે આવું?" અને તરત જ અનપેક્ષિત પરંતુ ગંભીર સ્વરૂપ નો જવાબ મળ્યો અને તે પણ આમ જાણે આદેશાત્મક અવાજમાં, "તમે જ્યારે તમારી માતા ના ઘરેથી નીકળો છો ત્યારે શું એવું પૂછો છો કે હવે ક્યારે પાછા આવી શકાય? હું અહીં જ છું, તમારી પ્રતીક્ષામાં !" આગળ તેઓ બોલ્યા, "આ સંસ્થાઓ મેં મારા માટે ઊભી નથી કરી આ બધી તમારા માટે છે"......**

બ્રહ્માંડના પરમાત્માએ આપણી વચ્ચે ભગવાન શ્રી સત્ય સાઈબાબા સ્વરૂપે અવતાર લીધો છે એ જ સમયમાં આપણું હોવું એ ખૂબ જ સદ્‌ભાગ્ય ગણાય. પૂર્ણાવતાર, જે હવા શ્વસિત કરે છે તેમાં જ આપણે જીવવું અને તેમના દર્શન થકી, આનંદ અને વ્યક્તિગત માર્ગદર્શન મેળવવું એ તો આપણા ઉપર ભગવાનની સૌથી શ્રેષ્ઠ કૃપા ગણાય. ૬ અબજની વિશાળ વસ્તીમાં ખૂબ જ જૂજ એવા છે કે જેમને, તેમના દર્શનનો, સાંભળવાનો અને જાણવાનો મોકો મળ્યો છે. સાચી રીતે જ આપણે તેમના સમકાલીન છીએ અને તેથી જ તેમની સેવા કરવી અને તેમનો સંદેશ જીવનમાં જીવવો એ આપણી ફરજ બને છે.

**સ્વામી નું મિશનઃ-**

એક દિવસ મંદિરના પોર્ટીકો (ઓસરી)માં, સ્વામી, કોલેજના વિદ્યાર્થીઓ સાથે, હળવો સંવાદ કરી રહ્યા હતા. તે વખતે એક સિનિયર ડીવોટી એ સ્વામીના મિશન વિશે વાત કરી. સ્વામીએ કહ્યું, "તમે ઈશ્વર છો એની તમને ખાતરી થાય તે માટે મદદ કરવી એ જ મારૂં, માત્ર ને માત્ર ધ્યેય છે." આ બધાયે મેગા પ્રોજેક્ટસ્, શ્રી સત્ય સાઈ સેવા સંગઠનનો વિકાસ, બધા વોટર પ્રોજેક્ટસ્, શૈક્ષણિક સંસ્થાઓ અને વિશ્વ કક્ષાની હોસ્પિટલ્સનું નિર્માણ, મારા આ એક માત્ર મિશનની સામે ગૌણ છે. જે મિશન આપણા માટે છે - સતત એકધારા પરિવર્તન થકી આપણે એક આદર્શ માનવી બનીએ એ જ તેમનું સાચું મિશન છે.

ભક્તો, તેમનામાં આધ્યાત્મિક પરિવર્તન લાવી શકે તે માટેના આ બધા સાધનો છે- સ્વામીએ નિર્માણ કરેલા સાધનો/ઉપકરણો એટલે કે આ બધી સંસ્થાઓ.

આધ્યાત્મિક પરિવર્તન તો કંઈક જન્મજન્માંતરોથી ચાલ્યા આવ્યા કરતો એક પ્રોસેસ છે. છતાંયે, આપણા પ્રેમ સ્વરૂપ (સાઈએ) આપણ ને કહ્યું છે કે તેઓ આપણને આ જ જન્મમાં ભવસાગર પાર કરાવશે જો આપણે ઇચ્છતાં હોઈએ તો. એક વખત આપણે તેમને પૂરી રીતે સમર્પિત થઈ જઈએ પછી તે આપણો માર્ગ સરળ કરતાં જાય છે અને આપણે, જીવનમાં આવતી કસોટીઓને સમાનતાથી લેતા થઈએ છીએ. આપણા વિશિષ્ટ એવા આધ્યાત્મિક અને ભાવનાત્મક ડી.એન.એ. ને અનુલક્ષીને, સ્વામી આપણને અનેક વિશિષ્ટ અનુભવો કરાવે છે. આપણે જેવા જેવા વૈશ્વિક ચેતના સાથે સુમેળ સાધતા જઈએ છીએ, તે પ્રમાણે જીવનના અનુભવો આપણને કાંઈક શીખવી જતી ક્ષણો બને છે અને આપણી અંદર કુદરતી રીતે બદલાવ આવતો જાય છે.

મારી પોતાની જાગૃતિ અંગેના કેટલાક કિસ્સાઓ અંગે જણાવું તો......

**મારી પત્નીએ કરેલ પ્રાર્થનાને સ્વામી નો જવાબઃ-**

વર્ષ ૧૯૭૮ ની શરદઋતુમાં એક ગુરુવારે બપોર પછી બોસ્ટન શહેર છોડીને, બહાર એક ઠેકાણે નોકરી માટે ઇન્ટરવ્યૂ આપવા હું જઈ રહ્યો હતો. મારી પત્ની સુનીતા અને તેની એક સખીએ સેઈન્ટલૂઇસ ખાતે સાઈબાબા કેન્દ્ર ખાતે હાજરી આપી. જ્યાં જઈને મારી પત્નીએ પ્રાર્થના કરી કે, "મેં સાંભળ્યું છે કે તમે ભગવાન છો અને દરેકની ઈચ્છાઓ પૂરી કરો છો. ચાર મહિનાથી મારા પતિની નોકરી છૂટી ગઈ છે અને એ ત્યારથી નોકરીની શોધમાં છે. જો તમે તેને માટે નોકરી શોધી આપો તો હું માનીશ કે તમે ભગવાન છો.

જ્યારે હું પાછો ફર્યો તો મારી પત્નીએ સાઈબાબા કેન્દ્ર ખાતે સાંભળેલા ભજનોના સંસ્મરણો વાગોળ્યા. તેણીએ હાર્વર્ડ મર્ફેટનું 'મેન ઓફ મિરેકલ્સ' પુસ્તક વાંચીને પૂરું કર્યું હતું અને મને તે વાંચવા આપ્યું. પછીના ગુરુવારે તે મને સાઈ કેન્દ્રમાં લઈ ગઈ. જેવો હું મકાનમાં પ્રવેશ્યો અને સામે જ શ્રી સત્ય

સાઈબાબાના ફોટાને જોતા વેંત જ મારા બરડામાં એક ઇલેક્ટ્રીક કરંટ પસાર થયા જેવું લાગ્યું. અચાનક જ મારો અંદરનો અવાજ મને કહેવા લાગ્યો, "તેં ભગવાનને શોધ્યા ખરા". મારા અંતરઆત્માને એવું લાગ્યું કે મારે કોઈ પુરાવો જોઈતો જ નહોતો કે ન તો મારે કોઈ સવાલોના જવાબો આપવાના હતા. એ ક્ષણ જે મારામાં મેં પકડી રાખી હતી તે જ સ્વયંભૂ જાગૃતિ હતી. કેન્દ્ર ખાતે આનંદ આપનારો સમય પસાર કર્યા બાદ, અમે ઘરે પાછા ફરતા હતા ત્યારે કારમાં જાસ્મીનની જોરદાર સુગંધ આવવા લાગી. અમને પાછળથી આ જાણવા મળ્યું કે આવી સુગંધનો અદભુત અનુભવ થવો તે તો બાબા ની હાજરી હોવાની નિશાની છે.

તે સાંજે, મને સુનિતાએ, તેણે બાબાને મને નોકરી મળે તે માટે ફેંકેલા પડકારયુક્ત પ્રાર્થનાની કોઇ જાણ કરી નહીં અને તેમ છતાં મને નોકરી મળે તે માટે નવ અઠવાડિયા સુધી મારા મેલમાં દર ગુરુવારે નોકરી માટે માંગ આવતી હતી. સમગ્ર અમેરિકામાં ફેલાયેલી ફોર્ચ્યુનની ૧૦૦૦ કંપનીઓમાંથીજ ૯ જગ્યાએથી વાત આવેલી. આ એક અદભુત બાબત હતી. આથી જ દર ગુરૂવારે વગર ચૂક્યે આવી કંપનીઓમાંથી જુદી-જુદી નોકરીઓ માટે પ્રસ્તાવ આવવો, તેની પાછળ સ્વામીનો અદ્રશ્ય હાથ જ હતો અને સુનિતાએ કેન્દ્ર ખાતે પહેલી વખત કરેલ પ્રાર્થનાની કૃપાનું પરીણામ હતું. આ એક યાદગાર પ્રસંગે અમને આધ્યાત્મિક પ્રવાસમાં જોડી દીધા. અમે તે જ ક્ષણે બાબાને - અમારા ઘરમાં ગુરુ કહો, ભગવાન કહો કે સર્વ કહો-આવકાર્યા

**<u>અગિયાર વર્ષ સુધી અવિરત યાત્રાઃ-</u>**

તરત જ ૧૯૭૮ ના અંતમાં અમે બાબાનો આભાર વ્યક્ત કરવા અને મારી નવી નોકરીની શરૂઆત કરતા પહેલાં, 'તેમના' આશીર્વાદ મેળવવા ભારતના પ્રવાસે આવ્યા. પ્રથમ વખતના જ દર્શન દરમિયાન, સ્વામીએ મારો પત્ર લીધો, આશીર્વાદ આપ્યા અને હું જે ચોપડી વાંચતો હતો તેની ઉપર સહી કરી આપી. 'તેમણે' મને સહજ ભાવે પૂછ્યું, "તમે ક્યાંથી આવ્યા?" મેં જવાબ આપ્યો, "બાબા, સેઈન્ટ લુઈસથી" 'તેમણે' તેમનું માથુ એક બાજુ હલાવતા, મારી નજરોમા; નજર મેળવતા હસ્યા અને બોલ્યા, "બહુ સરસ" અને ચાલવા લાગ્યા. હું ખૂબજ ગુચવાઈ ગયો. અમે 'તેમને' અમારા ભગવાન તરીકે સ્વીકાર્યા છે. ત્યારે મને આશ્ચર્ય થયું 'તે' બધું જ જાણે છે પછી આવો સવાલ કેમ?

૧૯૯૦માં હું ફરી આવ્યો અને સ્વામીએ ફરી એ જ સવાલ પૂછ્યો. થોડો વિચાર કર્યા પછી મેં નક્કી કર્યું કે ટ્રસ્ટની ઓફિસ માં જઈને આ અંગે મળું. તો તેમણે કહ્યું કે અહીં તો હજારોની સંખ્યામાં બધા આવે છે અને ખૂબ જ નસીબદાર એવા ઓછા લોકોને 'તેમની' સાથે (બાબા સાથે) વાત કરવાની તક મળે છે, તો તમે હવે ખુશ થાવ કે, સ્વામી તમારી સાથે બોલ્યા. આ એક સરસ સમજૂતી હતી અને મને સંતોષ થયો. પરંતુ, આવું તો ત્યાર પછીના ઘણા વર્ષો સુધી ચાલ્યું અને હું વધુને વધુ અકળાતો ગયો. ૧૯૮૬ માં આ મૂંઝવણનો

ઉકેલ શોધવાની મથામણ કરતાં કરતાં એક નવી જ ખરીદેલ ચોપડીનું એક પાનું આમ જ અડસટ્ટે ખોલ્યું. અને મારી નજર બરાબર મને મુંઝવતા પ્રશ્નનો જવાબ આપતી લાઈન ઉપર જ પડી. ત્યાં લખ્યું હતું, સ્વામી જ્યારે 'તમે ક્યાંથી આવ્યા' એવો સવાલ તમને પૂછે તો તે આધ્યાત્મિક સવાલ છે કે જે 'તેઓ' વિદ્યાર્થીઓ સામે મૂકે છે. આગળ એવું લખેલ કે સ્વામી તમારા ભૌતિક સરનામા વિશે નથી પૂછતા પરંતુ તમારૂં મૂળ ઉદ્ભવસ્થાન શું છે તે આપણને શોધવા 'તેઓ' પ્રેરે છે. કે આપણે ઈશ્વરમાંથી (દિવ્યતામાંથી) આવ્યા છીએ. હવે થોડો અહંભાવ મને આવ્યો અને મેં મારી જાતને કહ્યું, "હવે હું જાણી ગયો છું કે બાબા ને હવે પછી કેવો બરાબર જવાબ આપવો તે".

જેમ ભગવાન કરે તેમ જ, 'તેમણે' મને આ મુદ્દા ઉપર ચિંતન કરવાની જાણેકે તક આપી હોય, તેમ 'તેમણે' પછી કેટલાક વર્ષો સુધી આ સવાલ પૂછ્યો જ નહીં. છતાંયે 'તેમણે' મને યુનિવર્સિટીના અધિકારીઓ સાથે સંપર્ક કરવાની અને મારી યોગ્યતા અને વ્યવસાયિક કુશળતાને અનુરૂપ એવા નાના-નાના સેવા કાર્યોમાં જોડાવા માટેની પ્રેરણા આપી અનુગ્રહિત કર્યો. ૧૯૮૯માં હું અને મારો દીકરો દર્શનની પહેલી લાઈનમાં જ બેઠા હતા. તે દિવસે સ્વામી સીધા અમારા સુધી આવ્યા, અમારા પત્રો લેવા માટે રોકાયા, અને કૃપાવંત થઈને પાદનમસ્કાર આપ્યા. અમે જેવું 'તેમની' તરફ જોયું 'તેમણે' પૂછ્યું, "તમે ક્યાંથી આવ્યા?" મેં તરત જ વળતો જવાબ આપ્યો, "સ્વામી, શેલ્ટન કનેક્ટીકટથી આવ્યા". તેઓ હસ્યા અને કહ્યું "બહુ સરસ" અને આગળ ચાલવા લાગ્યા. મારા દીકરાએ મારી ભૂલ થયેલી તે બરાબર પકડી પાડી અને કહ્યું, "પપ્પા, તમે ફરી એજ ભૂલ કરી. તમારે એવું કહેવું જોઈતું હતું કે, બાબા હું તમારા માંથી આવ્યો". મારું માથું ચકરાવા લાગ્યું. પરંતુ હું શાંતિથી પ્રાર્થના કરવા લાગ્યો. "બાબા, હું હજુ બરાબર (શેકાઇને) પાક્કો નથી થયો; મને માફ કરો અને માર્ગ બતાવો.

સાઈ મા ને અટુટ ધીરજ છે, તેના દરેક બાળકને તેની ગતિથી જ શીખવવાની, ન કોઈ ઉતાવળ કે ન તો કોઈને એમનેએમ છોડી દેવાની વાત છે. અવતારે આ જ કાર્ય હાથ ઉપર લીધું છે.

પછીના ઘણા વર્ષો સુધી અમને કોઈ પર્સનલ ઇન્ટરવ્યુ ન મળ્યો, પરંતુ અમે પુટ્ટપર્તી જવાનું નિયમિત રૂપે ચાલુ જ રાખ્યું. તેમ છતાં, અમને ઘણા બધા નજીકના, સુંદર અને પ્રેમપૂર્ણ દર્શનનો લાભ મળ્યો અને 'તેઓ' જતા-આવતા અમને નાના-નાના સંવાદોથી ઘણું બધું આપતા ગયા. તે ક્ષણો અમને અવર્ણનીય આનંદ આપી જતી. અમે ખુશ હતા કે 'તેઓ' અમારા પત્રો લેતા રહેતા હતા અને ખૂબ જ કોમળતાથી, નાજુકતાથી અને પ્રેમભરી કાળજીપૂર્વક અમારા "પરિવારના વહાણને" હંકારી રહ્યાં હતા.

૭ મી માર્ચે મારો જન્મ દિવસ હતો. જન્મદિનની થાળી લઈને હું દર્શનની પહેલી

હરોળમાં જ બેઠો હતો. સ્વામી કૃપાવંત થઈને મારા સુધી આવ્યા. હું ઘૂંટણ ઉપર ઉભો થયો અને સ્વામીને થાળી ધરી જે તેમણે આશીર્વાદિત કરી. અને મને તેમણે પાદનમસ્કાર લેવાનું કહ્યું. હું આનંદથી ઝૂમી ઉઠ્યો. હું જેવો બેસવા જતો હતો કે 'તેમણે' મને પૂછ્યું. "તમે ક્યાંથી આવ્યા?" હું જવાબ આપું તે પહેલાં જ તેઓ કેટલાક ફૂટ ચાલીને આગળ નીકળી ગયા, કદાચ જાણીને કે હું આવો જ જવાબ આપીશ કે, "બાબા-તમારામાંથી". 'તેઓ' તરત જ પાછા ફર્યા અને મને ધારીને મારી ઉપર નજર નાખી અને આશ્ચર્ય સાથે પૂછ્યું, "શું?" મેં ફરી રિપિટ કર્યું, "સ્વામી, તમારામાંથી જ" 'તેમણે' સંમતિસૂચક માથું હલાવ્યું અને બોલ્યા "જાઓ" અને તેઓ દર્શન આપવા આગળ વધ્યા. હું અંદરથી ખૂબ હલી ગયો, દુઃખી થયો કારણ કે એક અંધકારમય નિરાશા ફરી વળી. મેં એવું તે શું કર્યું કે 'તેઓ' અપસેટ થઈ ગયા. હું થોડો ઉશ્કેરાઈ ગયો અને અંદરથી પડી ભાંગ્યો કારણ આટલી તેજ નજરથી "જાઓ" કહેવું એનો અર્થ એ થયો કે તારી હકાલપટ્ટી કરવામાં આવે તેના પહેલા તું અહીંથી નીકળી જા. એ જ ક્ષણે, મારી બાજુમાં બેઠેલા એક સજ્જને મને કહ્યું, "તમે કેમ બેસી રહ્યા છો? સ્વામીએ તમને ઇન્ટરવ્યૂ માટે બોલાવ્યા છે.

હું એક ક્ષણ માટે તો અવાક થઈ ગયો, અને તરત જ કૂદકો મારીને વરંડા તરફ ઝડપથી ચાલવા લાગ્યો; કે જ્યાં કેટલાક ભક્તો ભગવાનનો ઇન્ટરવ્યૂ મેળવવા અગાઉથી ભેગા થયા હતા.

**<u>સ્વામી સાથેનો મારો પહેલો ઇન્ટરવ્યૂઃ-</u>**

ઇન્ટરવ્યૂ અંગે સદંતર અજાણ એવો હું, ભક્તોના ગ્રુપમાં જોડાઈને ઇન્ટરવ્યુ રૂમમાં પ્રવેશ્યો અને દરવાજા પાસે જ ગોઠવાઈ ગયો. રૂમના બીજા છેડે એક ખુરશીમાં બાબા બેઠા હતા; મારી સામે સીધી નજર નાખીને પૂછ્યું, "તમે ક્યાંથી આવ્યા?" મેં રીપીટ કર્યું "સ્વામી, તમારામાંથી જ" પછી તેઓ કંઈક તેલુગુમાં બોલ્યા અને આખા રૂમમાં હાસ્યની છોળો ઉછળી. મને ખ્યાલ આવી ગયો કે આ વિનોદ મારી ઉપર જ થયો હોવો જોઈએ; કે મારાથી કાંઈક અયોગ્ય એવું બોલાઈ ગયું હોવું જોઈએ. બાકીનો બધો સમય ઈન્ટરવ્યુંનો તેલુગુ ભાષામાં પસાર થતો હતો જે મારા જેવાને કેવું લેટિન કે ફ્રેન્ચ જેવું લાગતું હતું. હું તો જાણે કે નવમા વાદળે હતો (એટલે કે બધું મારા માથા ઉપરથી જતું હતું. કાંઈજ ખબર નહોતી પડતી) પરંતુ ઈશ્વરના સાનિધ્યમાં હતો અને મારી નજર ભગવાન ઉપર એક કલાક સુધી ફિક્સ થઈ ગઈ હતી 'ને જાણે કે હું આનંદની સમાધિમાં ગરકાવ થઈ ગયો હતો. ઇન્ટરવ્યૂ જેવો પતવા આવ્યો કે સ્વામીની નજર મારી પર પડી અને તેમણે મને તેમની પાસે બોલાવ્યો. તેમની નજીક જવાની તક મળતાં જ મેં તો તેમના ચરણ ચૂમી લીધા. અને હાથ જોડીને ત્યાંજ બેસી ગયો. તો 'તેમણે' મને પૂછ્યું, "શું નામ તમારું" મેં કહ્યું, "રમેશ". 'તેમણે' મને પૂછ્યું કે, "રમેશનો અર્થ ખબર છે?". મેં ના પાડી. સ્વામી સમજાવ્યું. રમેશમાં

ત્રણ અક્ષર છે. ર+મે+શ. 'ર' સૂચવે છે 'રમતા' (રમમાણ થવું), ર+મે સૂચવે છે કશાકમાં પૂરી રીતે ઉપાસક થઈને એક થઈ જવું.ઈશ એટલે ઈશ્વર. માટે રમેશનો અર્થ થાય છે એ કે જે પરમાનંદમાં અને ઈશ્વરમાં (ભગવાનમાં) એકદમ ઓતપ્રોત (એકરૂપ) થઈ જાય છે.

બાબાએ જેવું સમજાવવાનું પૂરું કર્યું કે તરત જ તેમણે તેમનો હાથ ગોળ ગોળ ફેરવીને એક અદ્ભુત અંગૂઠી કે જેમાં અઢાર રત્નો જડેલા હતા તે અંગૂઠી નિર્માણ કરી/પ્રગટ કરી અને એમાં - ઉપર જડેલા સ્ટોન ઉપર ભગવાન શિવનું લિંગ સ્થાપિત હતું. બાબાએ, તે અંગૂઠી તેની ઉપરના ભાગમાં જે લિંગ છે જે ભગવાનને દર્શાવે છે તેની વિગત સમજાવતા સમજાવતા બધાને બતાવી. ત્યાં બેઠેલા દરેક જણ આ જોઈને અને અંગૂઠીની વાત સાંભળીને અભિભૂત થઈ ગયા. સ્વામીએ મૃદુતાથી તે અંગૂઠી મારી અનામિકા પર પહેરાવી. ભગવાન સાથેનો આ જન્મદિવસનો અનુભવ આધ્યાત્મિક શિક્ષા આપનારો અને એક અવિસ્મરણીય સુંદર અંગૂઠીની ભેટનો-એ સાચે જ યાદગાર ભેટ હતી. વાત અહીં જ પૂરી નથી થતી.

સ્વામી જ્યારે પણ કાંઈ આપે છે ત્યારે તેમની આપેલી ભેટમાં એક ગહન અર્થ છુપાયેલો હોય છે કે જે તે મેળવનાર જ સમજી શકે છે. ભગવાન આપણા વિશે બધું જ જાણે છે અને તે આપણું તે અંગે ધ્યાન દોરવા પ્રેમ કરે છે. મારી વાત કરું તો 'તેમણે' મને ખાત્રી કરાવી અને મારી ભગવાન શિવની રોજની પૂજાને પ્રોત્સાહિત કરી; કે જે હું છેલ્લા ત્રણ દશકાઓથી કરતો આવ્યો છું. વધુમાં તેમણે મને ધીરે રહીને એ પણ યાદ અપાવી કે હું 'તેમને' જ ભગવાન શિવ તરીકે પૂજું. ઘણા વર્ષો પહેલાં જ્યારે યુ.એસ.એ.માં વધુ ભણવા માટે મેં ભારત છોડ્યું તે વખતે અમારા ગામના મંદિરના પૂજારીએ મને એક સુંદર શિવલિંગ પૂજા કરવા આપ્યું હતું. તેમણે મને શિવલિંગ પરદેશ લઈ જવા અને રોજ પૂજા કરવા જણાવેલ. હું તે વખતે જાણતો જ નહોતો કે, મને, ભગવાન શિવમાં મારી શ્રદ્ધા મજબૂત કરાવે એવો ભગવાનનો જ અવતાર મળવાનું મારા નસીબમાં હતું.

**'તેમની' સંસ્થાઓ થકી સ્વામીની સેવા કરવી:-**

દરેક પ્રત્યે સ્વામીનો પ્રેમ અને કરુણા એ શબ્દાતીત છે. તેમના સમગ્ર જીવન દરમિયાન, સ્વામી આપતા જ આવ્યા છે. 'તેમણે' માનવજાતિના અને તેમના ભક્તોના કલ્યાણ માટે ઘણા રત્નો વારસાઈ માં આપ્યા છે. મુખ્યત્વે જોઈએ તો વારસામાં છે તેમની દિવ્ય સંસ્થાઓ, જેની નિર્મિતિ 'તેમણે' જ કરી અને 'તેમણે' જ તેને અવ્યાહત રીતે ઉછેરી.

સ્વામી સાથે એક વખત ઇન્ટરવ્યુ થયા બાદ, પાદ નમસ્કાર લીધા બાદ મેં નમ્રભાવે પૂછ્યું, "સ્વામી, હવે હું ફરી ક્યારે આવું?" અને તરત જ અનપેક્ષિત પરંતુ ગંભીર સ્વરૂપ નો જવાબ મળ્યો અને તે પણ આમ જાણે આદેશાત્મક અવાજમાં, "તમે જ્યારે તમારી માતા ના ઘરેથી નીકળો છો ત્યારે શું એવું પૂછો છો કે હવે ક્યારે પાછા આવી શકાય? હું અહીં જ

છું, તમારી પ્રતીક્ષામાં !" આગળ તેઓ બોલ્યા, "આ સંસ્થાઓ મેં મારા માટે ઊભી નથી કરી આ બધી તમારા માટે છે"......

સમય જતાં મને ખાતરી થઈ કે સ્વામીની આ સંસ્થાઓ એક માધ્યમ હતી કે જે થકી તેમના ભક્તો, ભગવાનની સેવા કરતા જાય અને જીવન દિવ્ય કરતા જાય.

<u>આપણી ક્ષમતા અનુસાર આપણું સ્થાન તેમના મિશનમાં ક્યાં મેળવવું એ આપણાં દરેક ઉપર નિર્ભર છે.</u>

જ્યારે સ્વામીએ કહ્યું કે આ બધી 'તેમની' સંસ્થાઓ આપણા માટે ઊભી કરી છે ત્યારે તે મારા જીવનનો એક દેખીતી રીતે નિર્ણાયક વળાંક હતો. તેમના શબ્દોને હું જીવનમાં ઉતારું છું અને એમની સંગઠનોની છત્રછાયાના આશ્રયે રહીને નિઃસ્વાર્થ સેવા કરીને મારા જીવનમાં પરિવર્તન આણ્યું છે. આજે હું સમજુ છું કે મારી દરેક સેવાનું કાર્ય જેમાં હું પ્રવૃત્ત છું તે માત્ર ઈશ્વરને માટે છે. સેવા એ શરણાગતિની એક પૂજા ક્રિયા છે. (પૂજા કર્મ) છે. સ્વામીની કૃપાથી, માનવતાના કાર્યો માટે સ્થપાયેલા પ્રશાંતિ ટ્રસ્ટ દ્વારા સેવા કરવી એ તો અમારી પારિવારિક સાધનાનો એક ભાગ જ છે કે જે ટ્રસ્ટનું નામ, પ્રથમ પાંચ ટ્રસ્ટીઓ, ટ્રસ્ટના પેટા નિયમો અંગે વ્યક્તિગત માર્ગદર્શન કરી સ્વામીએ નવેમ્બર ૧૯૯૨માં અમને આશીર્વચિત કર્યા હતા.

**<u>સ્વામીની સંસ્થાઓ થકી સેવા દ્વારા બોધ મેળવવો:-</u>**

આપણે એ સમજવું જોઈએ કે સેવા એ એક આધ્યાત્મિક સાધના છે કે જેમાં ભક્તિની શિસ્ત, શરણાગતિ, વિરાગીતા અને નમ્રતા જરૂરી છે. આમાં, આપણા કરતા બીજાનું કલ્યાણ થાય તેવી અગ્રતા હોવી જોઈએ. એક વખત આપણે આ કરી લઈએ, પછી તો આપણને ખબર પણ ન પડે તે રીતે આપણું આધ્યાત્મિક પરિવર્તન ઓટોપાયલોટ મોડ ઉપર ચડી જાય છે. પરિણામે, આપણને જે પણ સંપત્તિ/સાધન મળે એના આપણે ટ્રસ્ટી થઈએ છીએ. ટ્રસ્ટીશીપનું બિરુદ આપણને માલિકી પણાનો બોજ અને અહમથી મુક્ત કરાવે છે. આને પરિણામે, અનાસક્તિ ભાવ આવી જાય છે અને સેવા સાધના સરળ બની જાય છે. જેમ જેમ આપણે મોટા પ્રોજેક્ટ્સ હાથ ઉપર લેતા થઈએ છીએ તેમ તેમ આપણને 'તેની' સર્વજ્ઞતા અને સર્વવ્યાપકતાનો અનુભવ થતો જાય છે કારણ આપણા પ્રોજેક્ટની સફળતા માટે વિશ્વભરમાંથી સંસાધનોનો પ્રવાહ વહેતો થાય છે; એમની જ કૃપાથી.

આવી રીતે, દરેક કાર્યની પાછળ કર્તા તો 'તે' જ છે એવી ઝાંખી આપણને થવા લાગે છે. આ અનુભવ આપણી સ્વામીમાની શ્રદ્ધાને વધુ મજબૂત બનાવે છે અને આપણે સત્ય અને ધર્મ-ને આપણા માર્ગદર્શક સ્તંભો તરીકે અપનાવતા થઈએ છીએ.

<u>ભગવાન ના મૂળભૂત ઉપદેશો:-</u>

સમય જતા, મને ખાતરી થઇ કે સ્વામી જાણતા હતા કે તેઓ આપણને તેમની નજીક લેવાના છે. ભગવાન ઇચ્છતા હતા કે આપણે પહેલાં તો તેમના ઉપદેશોને સમજીએ.

ભગવાન જ નિર્માતા, પોષણ કરતા અને ભંજન કરતા છે અને તેમનું દરેક કામ આપણા દરેક પાસેથી આપણી અંદર રહીને કરાવે છે.

બીજું, ઘણા વર્ષો દરમિયાન, અનેક ટ્રીપો પછી બાબાએ આપણને પ્રેમથી 'ઈશ્વરને' આપણી અંદર જ અને બહાર વિશ્વમાં પણ શોધવાનું શીખવ્યું. તેમણે આપણી કસોટીઓ પણ કરી અને છેવટે 'આપણે કોણ છીએ' નું અંતિમ સત્ય આપણને સમજાવ્યું. જેમ જેમ આપણે પ્રગતિ કરતા ગયા, તેમ તેમ સ્વામી આપણા વિચાર, વાણી અને કાર્યોને એકસરખી રીતે દોરવણી આપતા ગયા.

ભગવાનના ત્રણ મુખ્ય ઉપદેશો કે જે આપણે આપણા વ્યક્તિગત પરિવર્તનની પ્રક્રિયા દરમિયાન સમજ્યા છીએ તે છે......

"તેના' શબ્દોમાં વિશ્વાસ રાખો, 'તેની' ઈચ્છાને શરણે જાઓ,". દુઃખોની જંજાળમાંથી છૂટવા, જીવનના પ્રસંગો પ્રત્યેની આસક્તિ દૂર કરો. સ્વામી સર્વજ્ઞ છે તે અંદરથી જાણી લો અને તેમની ઇચ્છા (સંકલ્પ) ને કશું નડતું નથી. આપણે ભગવાનનું પ્રતિબિંબ બન્યા છીએ-એક વ્યક્તિના સ્વરૂપે. અને એક પરિવાર સ્વરૂપે આપણા પરિવારને સતત 'તેમનો' પ્રેમ, માર્ગદર્શન, બોધ અને આશીર્વાદ અવિરત પણે મળતા જ રહે છે. 'તેઓ' તો આપણા પરિવારનો પ્રાણ છે.

**- લેખક - ડૉ. રમેશ એમ. વઢવાણી એ પાછલા ચાર દશકોથી ભગવાનના અનન્ય ભક્ત છે. શેલ્ટન, CT, USA ખાતેનું તેમનું નિવાસસ્થાન "સાઈ નિવાસ" એ એક ધમધમતુ સાઈ કેન્દ્ર છે.**

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના મારા અનુભવો

ડોક્ટર ગોતેતી સરસ્વતી

ભગવાન સાથે બદ્રીનાથ યાત્રા માટે અમને ૫ જુન ૧૯૬૧ ના દિવસે, મદ્રાસ (હાલ ચેન્નાઈ) આવવા માટે કહેવામાં આવ્યું. મેં રજા મંજૂર કરાવી અને અમે ઘરે પહોંચ્યા. નક્કી કરેલી તારીખે મદ્રાસ પહોંચવા માટે ભાગ્યે જ ત્રણ અઠવાડીયા જેટલો સમય અમારી પાસે હતો. સનાતન સારથિમાં એક સૂચના પ્રગટ કરવામાં આવી હતી કે બદ્રીયાત્રાની યાત્રા માટે જેમને પત્ર મળ્યો છે તેમને જ જવાની તક મળશે. જેમને સ્વામી તરફથી કોઈ સૂચના મળી નથી તેઓ આવી શકશે નહીં.

<u>ભગવાન નારાયણ સાથે બદરી યાત્રા ૧૯૬૧:-</u>

મેં શ્રી ભદ્રમને જણાવ્યું કે મને હજુ સુધી કોઈ પત્ર મળ્યો નથી. મેં કહ્યું, "સ્વામીએ પોતે જ મને આવવા માટે કહ્યું છે પણ કોઈ પત્ર હજુ મળ્યો નથી". તેમણે, મને સ્વામીને પત્ર લખવા કહ્યું. મેં સ્વામીને પત્ર લખ્યો. "સ્વામી, તમે મને આવવા કહ્યું છે પણ હજુ સુધી કોઈ આમંત્રણ પત્ર મને મળ્યો નથી, તો મારે આવવું જોઈએ કે નહીં?" મને તરત જ સ્વામી તરફથી પત્રનો જવાબ મળ્યો. તે દિવસોમા પત્ર બહુ ઝડપથી મળતાં. પત્ર ગયો અને તેનો

જવાબ મળ્યો. સ્વામીએ લખ્યું હતું, "તારે મારા શબ્દોને અગ્રતા આપવી જોઈએ, ન કે કોઈ પત્રને. મેં તને આવવા માટે કહ્યું નથી? મેં તારા અને ભદ્રમ માટે બે ટિકિટ અનામત રાખી છે. ભદ્રમ તારી સાથે આવશે, તે તને મદદરૂપ થશે. તમે બંને સાથે જ આવજો".

આ પત્ર મેં, શ્રી રામારાવને રાજમુન્દ્રી (રાજમહેન્દ્રવરમ) ખાતે પોસ્ટ કર્યો. અને તેમની બહેને જવાબ આપ્યો. "જ્યારે તમને સ્વામીનો પત્ર મળ્યો છે તો પછી બીજું શું જોઈએ! તરત જ આવી જા" તેથી અમે ચેન્નાઈથી યાત્રા શરૂ કરી. તમે કદાચ બદ્રી યાત્રા વિશે સાંભળ્યું હશે પરંતુ મારા માટે તો એ જ મેં અનુભવ કર્યો હતો.

આપણને દરેકને સ્વામી અલૌકિક સ્વરૂપમાં જ જોવા મળે છે. ખરૂને? લોકો, સ્વામીના ચરણ સ્પર્શ કરવા માટે રાહ જોતા હોય છે પરંતુ કેટલાક લોકોને જ આ તક મળે છે અને કેટલાકને નથી મળતી. બદ્રી ખાતે પણ અમને દરેકને કાંઈક આવા જ અનુભવો થયા. મને પોતાને પણ અનુભવ થયો.

**સ્વામીનો દિવ્ય માતૃત્વ પ્રેમ.**

અમે બદ્રીનાથ જવા ૬ જુન ૧૯૬૧ના રોજ નીકળ્યા. મને યાદ છે કે બદ્રી યાત્રા ૧૧ થી ૧૭ જૂન ૧૯૬૧ દરમિયાન હતી. પ્રથમ દિવસે તેમણે અમને પૂજા કરવા કહ્યું. તે દિવસોમાં બસની સગવડ નહોતી. અમારે હિમાલય પર્વતમાળાની સુંદરતા જોતા જોતા અને એક-બીજા સાથે વાતો કરતાં-કરતાં ધીમેથી ચાલતાં જ જવાનું હતું. જો હું કહીશ તો તમે નહીં માનો પણ હું અને સીતારામ બાબુની યુવાન કાકી અને બીજા બે પુરુષો રાજમહેન્દ્રવરમથી લગભગ સત્તર માઈલ ચાલ્યા. અમારે એકદમ ઠંડુ પાણી જ પીવું પડતું અને ઠંડીને કારણે અમારૂં ગળું પણ ઠંઠરાઈ જતું હતું. રસ્તામાં અમે સામે એક ડોલી (પાલખી) જોઈ કે જે સ્વામીએ અમને શોધવા માટે મોકલી હતી. તેમને ચિંતા હતી કે અમે બે બહેનો ક્યાં હતી? એવું નહોતું કે સ્વામી જાણતા નહોતા. પરંતુ સ્વામીનો અમારા પ્રત્યેનો પ્રેમ હતો. શ્રી ભદ્રમે અમને કહ્યું હતું કે અમે પહોંચ્યા નહોતા તેથી સ્વામી બેચેન અને ચિંતિત હતાં. સ્વામીએ અમને પૂછ્યું, "દુન્નાપોત્તા (ભેંસ) શા માટે મોડા પડ્યા? તમે ક્યાં હતા? તમે મને બહુ ચિંતા કરાવી". સ્વામી અમારી પાસે આવ્યા અને પૂછ્યું "શા માટે આટલું મોડું થયું? જાઓ જલ્દી અને પહેલા જમી લો". મને મારી માતાની યાદ આવી ગઈ. "માં" હંમેશા તેની દીકરીની ચિંતા કરતી હોય છે. જ્યારે અમે નાના બાળક હતા અને જો અમને શાળાએથી છૂટી ત્રણ માઈલ ચાલીને આવતાં મોડું થઈ જતું તો તે (માતા) નોકરોને ફાનસ (લાલટેન) લઈને લેવા મોકલતી અને અમને ઘરે તુરંત મૂકી જવા કહેતી. બરાબર આવો જ પ્રેમ સ્વામીએ આજે અમારા તરફ વ્યક્ત કર્યો.

**મારા દાદા તરફથી ઠપકો.**

બદ્રી યાત્રાની શરૂઆતમાં જ અમને પાણીની બોટલ, કેનવાસ બુટ, ગોગલ્સ, હાથના મોજા, વિગેરે જેવી વસ્તુઓ સાથે લેવા માટેની યાદી આપવામાં આવી હતી. અમે

મદ્રાસની બજારમાંથી બધું ખરીદી લીધું. અમે ટ્રેન પકડી દિલ્હી પહોંચ્યા. ત્યાંથી દહેરાદુન અને પછી હરિદ્વાર પહોંચ્યા. અમારે જોશીમઠ જવા પર્વત ચડવાનો હતો અને ત્યાં મારી પાણીની બોટલ તૂટી ગઈ. જ્યારે હું પર્વત ચડતી હતી તો મને તરસ લાગી. અમે બધા સ્વામીની ફરતે બેઠા હતા. સ્વામી બધાની વચ્ચે બેઠા અને અમને સારી સારી વાતો કહેતા હતા. સ્વામીએ તેમની પાણીની બોટલ લીધી અને પાણી પીધું. હું બરાબર સ્વામીની સામે જ બેઠી હતી. સ્વામીએ પૂછ્યું, "તું પાણી પીશ?, તારે પાણી જોઈએ છે?" મેં પાણી માટે હા પાડી. સ્વામીએ બોટલના ઉપરના ઢાંકણમાં પાણી કાઢીને મને આપ્યું. પાણી પીધા પછી મેં બાકીનું પાણી સીતાના મોઢામાં રેડી દીધું. અને ખાલી ઢાંકણું સ્વામીને પાછું આપી દીધું. તેને સ્વામીએ બોટલ ઉપર મૂકી દીધું. અમે ચાલવાનું ફરી શરૂ કર્યું. દાદાએ ગુસ્સાથી મારા તરફ જોયું અને અમને ઠપકો આપવા લાગ્યા. "તમારી પાસે મગજ જ નથી" મેં પૂછ્યું, 'કેમ?' તેમણે કહ્યું, 'તમે સ્વામીની બોટલમાંથી પાણી પી શકો નહીં' મેં કહ્યું કે, 'સ્વામીએ જ મને પાણી પીવા માટે પૂછ્યું હતું અને મને ખૂબ તરસ પણ લાગી હતી' તેમણે કહ્યું, 'જો કે તું તરસી હતી પણ તને ખબર નથી કે સ્વામી સાથે કઈ રીતે વાત થાય!" મેં કહ્યું કે, 'હું પ્રમાણિકતા પૂર્વક કહું છું કે મને ખબર નહોતી'. કારણ કે સ્વામીના દર્શન કર્યા પછી અમે પહેલીવાર ત્યાં ગયા હતા. તેમણે (દાદાએ) કહ્યું, "આ ખોટું છે, તમને ખબર હોવી જોઈએ કે સ્વામી સાથે કઈ રીતે વાત કરાય. તેઓ ભગવાન છે, તમારે ધ્યાન રાખવું જોઈએ, તમારે અંતર રાખવું જોઈએ, તે અગ્નિ છે". આમ, અમે ગંતવ્ય સ્થાન ઉપર પહોંચ્યા ત્યાં સુધી દાદા અમને ઠપકો આપતા રહ્યા અને અમે તે સાંભળતા રહ્યા. દાદા એ ખરેખર અમને ખુબ સારી તાલીમ આપી હતી.

**<u>પુનિતધામ (ગર્ભગૃહ)માં દિવ્ય સામગ્રીનું પ્રગટીકરણ.</u>**

બીજા દિવસે અમે મંદિર જઈ રહ્યા છીએ એવું કહેવામાં આવ્યું. તે (મંદિર) ચીનની સીમા નજીક છે જ્યાં સામ્યવાદ પ્રવર્તે છે તથા ત્યાં તર્કસંગતવાદીઓ છે. સ્વામીએ અમને મંદિરમાં દાખલ થવા કહ્યું. મંદિરમાં સ્વામી અમારી આગળ અને અમે પાછળ જતા હતા. ત્યાં એક મોટો વિવાદ ઉભો થયો. કારણકે લોકો બહાર રાહ જોતા હતાં. તેઓએ દલીલ કરી કે અમે પણ ભક્તો છીએ, તમે એકલા નહીં. સ્વામીએ કહ્યું, "બારણું ખોલી નાખો, કોઈને પણ અટકાવશો નહીં". દરેક જણ મંદિરની અંદર દાખલ થયા ત્યાં નામ્બુદ્રીઓ (પૂજારીઓ) હતા. તેમના પૂર્વજો ત્યાં આદિ શંકરના સમયથી હતા. તેઓએ સ્વામીને પણ નજીક અને ઉપર જવા ન દીધા બદ્રીનારાયણ દેવ ઉપર મંચ પર હતા. અમે નજીક જઈ શક્યા નહીં. સ્વામીએ કહ્યું, "ચાલો આપણે આ ભગવાનને જ સાથે લઈ જઈએ" આ તેમણે ગર્ભગૃહમાં કહ્યું. સ્વામીએ કોઈની પાસેથી ચાંદીની ડીશ લીધી. એકાએક સ્વામીએ તેમનો હાથ હલાવ્યો અને સુવર્ણ પાંખડીવાળું કમળ

પ્રગટ કર્યું. સ્વામીએ ફરી હાથ હલાવીને શિવલિંગ પ્રગટ કર્યું. આ શિવલિંગ કમળની વચ્ચેના ભાગે બરાબર બેસી ગયું (ફિટ થઈ ગયું) પછી સ્વામીએ વિષ્ણુ ભગવાનની પ્રતિમા પ્રગટ કરી. સ્વામીએ ડીશ હાથમાં લીધી અને અમને તેમની પાછળ આવવા કહ્યું. મંદિરની સામે છત્રમ (ચબૂતરો) હતો ત્યાં અમને ઊભા રાખ્યા. પછી સ્વામી અમને ત્યાં લઈ ગયા જ્યાં રામ અને લક્ષ્મણ હતાં. તેઓ જોડિયા બાળકો હતા. તેઓ કુમ્બકોનમના જોડિયા બાળકો હતાં. તેઓ ખૂબ સારૂ ગાતા હતા. રામ અને લક્ષ્મણ ભજન ગવડાવતા હતાં. અમે સમૂહમાં ગાતા હતા. સ્વામી અમારી આગળ અને અમે તેમની પાછળ. અમે એક સભાખંડમાં ગયા. કપડાથી ઢાંકેલું એક ટેબલ હતું. જેના ઉપર સ્વામીએ પ્લેટ (ડીશ) મૂકી. અને થોડા ફૂલો મૂક્યા સ્વામીએ શ્રી ભદ્રમને મંત્ર બોલવા કહ્યું. જ્યારે અભિષેક ચાલી રહ્યો હતો ત્યાં સ્વામીએ આપણા કાશી મંદિરમાં છે એવો જ ચાંદીનો ઘડો પ્રગટ કર્યો. બધાને દેખાડતા હોય તે રીતે ઘડાને પકડ્યો. ઘડાના નીચેના ભાગે એક નાનકડું કાણું હતું. સ્વામીએ કહ્યું, "હું ગંગોત્રીથી આ પવિત્ર જળ લાવ્યો છું, આપણે આ પ્રગટ થયેલ લિંગ પર અભિષેક કરીશું". ભદ્રમ મંત્રોચાર કરતા હતા અને સ્વામી અભિષેક કરી રહ્યા હતા અને અમે સૌ સ્વામીની સૂચનાથી એ ઘડાને સ્પર્શ કરીને ઊભા હતા. અભિષેક બાદ પૂજા કરવામાં આવી. સ્વામીએ ફરી એમનો હાથ હલાવ્યો અને ૧૦૮ મરેદુદલાલી (૧૦૮ સુવર્ણ બીલીપત્રો) પ્રગટ કર્યા. શ્રી કસ્તુરીએ સ્વામીને થુમી ફ્લાવર્સનો ઉલ્લેખ કર્યો. મને નહોતી ખબર કે આ થુમી ફ્લાવર્સ શું છે. સ્વામીએ થુમી ફ્લાવર્સ પ્રગટ કર્યા અને લિંગ ઉપર ચડાવ્યા. આ રીતે પૂજા પૂરી થઈ. ત્યાર બાદ સ્વામીએ અમને દરેકને બિલીપત્ર આપ્યા. તે વખતે બર્ગુલા રામકૃષ્ણરાવ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ હતા. સ્વામીએ તેમને આ શિવલિંગને સાચવીને રાખવા કહ્યું. થોડા સમય પછી આ લિંગ અદ્રશ્ય થઈ ગયું. સ્વામીએ તેમને લિંગ લાવવા કહ્યું પણ તે અદૃશ્ય થઈ ગયું. સ્વામીએ કહ્યું, "તે જ્યાંથી આવ્યું હતું ત્યાં મોકલી આપવામાં આવ્યું છે. બદ્રી મંદિર છ માસ સુધી બંધ રહે છે. લોકો જતાં રહે છે કારણ કે, તે પૂરેપૂરૂ બરફથી ઢંકાય જાય છે. પછી લોકો બદ્રીથી સ્વામી પાસે આવ્યા અને પાદનમસ્કાર લીધા. તે દિવસે સાંજે સ્વામીએ પ્રવચન પણ આપ્યું.

**<u>સ્વામીએ વિભૂતિથી પિતાને સાજા કર્યા.</u>**

અમે ત્યાં બદ્રીમા ચાર દિવસ રોકાયા. આ બદ્રીના ચાર દિવસના રોકાણ દરમિયાન મને સ્વામી તરફથી ઠપકો મળ્યો કારણ કે મારે કઈ રીતે વર્તન કરવું એની મને ખબર નહોતી. ત્યાં સ્વામીએ ઉદ્ઘાટન કર્યું હતું એવું એક એક્સરે યુનિટ હતું. કોઈકે કહ્યું, "તમે ડોક્ટર નથી? મહેરબાની કરીને આવો અને એકસ-રે યુનિટની મુલાકાત લો". હું ૨૦૦ મીટર ચાલીને ત્યાં ગઈ. ત્યાં નજીક ગયા પછી જોયું તો બીજી અન્ય કોઈ બહેનો હતી નહીં. હું એક જ સ્ત્રી હતી. મને ચિંતા થઇ કે શા માટે અહીં અન્ય કોઈ સ્ત્રી

આવી નહીં. જ્યારે હું અહીં આવી તો સ્વામીએ મને જોઈ અને સ્વામી બોલ્યા, "અધિગપ્રસંગમ" (ઘમંડી) મેં વિચાર્યું કે સ્વામી કહી રહ્યા છે કે હું અતિશય બોલકણી છું. મેં સ્વામીને પૂછ્યું, "અધિગપ્રસંગમ?" "સ્વામી, મેં ક્યારે વધુ પડતી વાતો કરી?" ત્યારે મને ડરની ખબર નહોતી. સ્વામીએ મને કશું કહ્યું નહીં. હું ખરેખર મૂર્ખ હતી. અમે પરત ફર્યા અને બીજા દિવસે અમારી વળતી મુસાફરી હતી. હિમાલયનું વાતાવરણ ઠંડુ હતું સાથે ઉનાળાને લીધે ગરમી પણ હતી. સ્વામીના પિતાને લૂ લાગી ગઈ. હું તેમને તાતા ગારુ (દાદા) કહેતી. પુરુષ માટેનો અલગ વિભાગ હતો. મને ખબર નહોતી કે તે વિભાગમાં કોઈ સ્ત્રી ના જઈ શકે અને વાત ના કરી શકે. હોસ્પિટલમાં તો અમે દરેકની સેવા કરતાં, તેથી આ અંગે હું જાગૃત નહોતી. ઈશ્વરઅમ્માં ગારુએ મને કહ્યું, "બાળક દાદાને ઠીક નથી, કંઈક થાય છે. હું તે વિભાગમાં જઇ શકતી નથી. તો મહેરબાની કરીને શું તું ત્યાં જઈને દાદાને ચેક (તપાસી) કરી શકીશ?" હું તો તરત જ દોડી ગઇ. તેઓ બેભાન હતાં. અને તેમને ઊલટી થઈ હતી. મેં ઝડપથી તેમનો ચહેરો સાફ કર્યો અને તેમને બોલાવવા લાગી- "તાતા ગારુ" "તાતા ગારુ". જ્યારે હું સેવા કરી રહી હતી તો ત્યાં રાજા રેડ્ડી આવ્યા. તેમણે પણ દાદાને બોલાવ્યા "તાતા તાતા" અને પછી એટલામાં સ્વામીઆવ્યા- સ્વામીએ મને ઠપકો પણ ન આપ્યો. અને મને કશું બોલ્યા પણ નહીં. કારણ કે હું સેવા કરી રહી હતી. સ્વામીએ વિભૂતિ ઉત્પન્ન કરી દાદાના શરીર પર લગાડી અને તેઓ (દાદા) સાજા થઈ ગયા.

**-લેખિકા એક ગાયનેકોલોજિસ્ટ અને પાંચ દાયકાથી પણ વધુથી ભગવાનના ભક્ત છે.**

# ઈશ્વરમા શ્રદ્ધા ન હોવાનો જીવલેણ રોગ

એક સમયે એક શ્રીમંત સજ્જન હતા જેઓએ કશું જ કરવાનું ન હતું સિવાય કે ખાવું, ખાવું ને માત્ર ખાવું અને આરામ કરવો. વધુ પડતું ખાવાને કારણે તથા શારીરિક શ્રમના અભાવને કારણે તેમને "અપચા" નો રોગ લાગુ પડ્યો. આથી તેઓ એક રોગ ચિકિત્સક પાસે ગયા અને "અપચો" માટેના ઈલાજ અંગે પૂછ્યું. ચિકિત્સક નિષ્ણાત હતા તેમણે સજ્જનને કહ્યું, "આ રોગના ઇલાજ માટે તમારે એક પાઈ પણ ખર્ચવાની જરૂર નથી. હકીકતમાં તમે જાતે આ વ્યાધિને આમંત્રણ આપ્યું છે વધુ પડતું ખાવાથી. આપને ખબર નથી તમારું પેટ કેટલો ખોરાક સંગ્રહી શકે છે? પરંતુ સ્વાદની લાલચમાં તમે જીભ પર કાબૂ રાખી શક્યા નથી અને તેથી તમે આ વ્યાધિના આદિ બની ગયા. ખોરાક પચાવવાની શક્તિ નબળી બની ગઈ અને તમે અપચાના રોગી બની ગયા. આ જ કારણે આજે આપને મારી

પાસે આવવું પડ્યું. હું આપને સરસ ઈલાજ લખી આપું છું. ધ્યાનથી સાંભળજો. તમારા મોઢામાં મીઠાનો એક ગાંગડો મૂકી રાખો અને તેને ચૂસ્યા કરો.

અત્યારે મીઠું પાવડર સ્વરૂપે મળે છે પણ પહેલાં મીઠું ગાંગડા સ્વરૂપે મળી રહેતું હતું. તે શ્રીમંત સજ્જને ચિકિત્સકના જણાવ્યા પ્રમાણે મીઠું ગાંગડા સ્વરૂપે લેવાનું શરૂ કર્યું અને થોડા સમયમાં રોગમુક્ત થઈ ગયા. યોગાનુયોગ એ સમયે જ સજ્જનનો જન્મદિવસ આવતો હતો. અને તે રોગમુક્ત બન્યા હતા તેથી જન્મદિવસ નિમિત્તે તેમણે મીઠાઈ વહેંચવાનું નક્કી કર્યું. અને જન્મદિવસની ઉજવણી કરવાનું નક્કી કર્યું. તેઓ મીઠાઈની દુકાને ગયા અને દુકાન માલિકને મીઠાઈ ચખાડવા માટે કહ્યું. ખરીદતા પહેલા જ્યારે મીઠાઈનો એક નાનો ટુકડો મોઢામાં મૂક્યો મીઠાઈ ખારી લાગી. તેમણે દુકાન માલિકને મીઠાઈના સ્વાદ અંગે જણાવ્યું અને બીજી દુકાન પર પહોંચ્યા. પરંતુ ત્યાં પણ સ્વાદ ખારો જ લાગ્યો. અને આ રીતે તેઓ પાંચ દુકાન ફરી વળ્યા એક પછી એક. પણ મીઠાઇનો સ્વાદ ખારો જ લાગ્યો.

વધુ એકવાર તેઓ છઠ્ઠી દુકાને ગયા. દુકાનદારને સજ્જનની સમસ્યા સમજતા વાર ન લાગી. સજ્જન મીઠાઈનો સ્વાદ ચાખે તે પહેલાં દુકાનદારે તેમને કહ્યું, "ત્યાં નળ છે, ત્યાં જાઓ અને મોઢાને ગળા સુધી સાફ કરો અને મોઢામાં રાખેલ મીઠાના ગાંગડાને પણ કાઢી નાખો અને પછી જ આ લાડુને ચાખો. સજ્જને દુકાનદારના જણાવ્યા મુજબ મોઢું સાફ કર્યું. મીઠાનો ગાંગડો પણ કાઢી નાખ્યો. પછી તો લાડુ મીઠો બની ગયો. તેઓ સહસા બોલી ઉઠ્યા, "અરે, આ લાડુ તો ખૂબ જ સ્વાદિષ્ટ છે". દુકાનદારે જણાવ્યું, અરે મહેરબાન જ્યારે મીઠાનો ટુકડો આપના મોઢામાં હતો પછી મીઠાશનો સ્વાદ કેવી રીતે ચાખી શકો? દરેક લાડુ ખારો જ લાગેને? બસ, આ જ પ્રમાણે જે વ્યક્તિને ઈશ્વરની અમાપ શક્તિમા ભરોસો ન હોય, જેનું મસ્તિષ્ક ખોટા વિચારો, ખોટી લાગણીઓ અને ભાવનાઓથી ભરેલું હોય તે દિવ્ય નામ સ્મરણનો અનુભવ કેવી રીતે કરી શકે? જ્યારે કોઈ પવિત્રતાથી આધ્યાત્મિક સેવાઓનું વિવરણ કે વિવેચન કરે ત્યારે તેનું મહત્વ તે કેવી રીતે સમજી શકે? આ સર્વ તેને સ્વાદ રહિત લાગશે. આ બધાનું મૂળ કારણ ઈશ્વરની અમર્યાદિત શક્તિ અને સત્તામાં, તેનો અવિશ્વાસ કે અશ્રદ્ધાનો રોગ, જે તેના માટે આધિ-વ્યાધિ અને ઉપાધિ બની રહ્યો હોય છે.

**અકસ્માત ન થાય, નુકસાની ન થાય, જાનહાની ન થાય - એનો એકજ ઉપાય**

**START EARLY**
**DRIVE SLOWLY**
**REACH SAFELY**

**- ભગવાન શ્રી સત્ય સાઇ બાબા**

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબા ની અલૌકિક દુનિયા

એસ. એન.નાગાનંદ

ત્રેતાયુગમાં, ભગવાનને દિવ્ય રૂપમાં દર્શાવવા માટે ભગવાને રામ તરીકે અવતાર ધારણ કર્યો હતો. આ જન્મ દ્વારા એ દર્શાવવું હતું કે જો વ્યક્તિ જન્મ અને મરણના ચક્રમાંથી મુક્તિ મેળવવા ઈચ્છા રાખતી હોય તો ધર્મ (પ્રામાણિકતા) જ ભગવાન અને માનવજાત તરફ દોરી જતો સાચો રસ્તો છે. દ્વાપર યુગમાં, ભગવાન શ્રીકૃષ્ણએ માનવ સ્વરૂપે અવતરીને જાહેર કર્યું કે જ્યારે જ્યારે ધર્મનું પતન થશે, ત્યારે ત્યારે "તેઓ" ધર્મને ફરીથી સ્થાપિત કરવા માટે અવતાર ધારણ કરશે.

**યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ ॥**

**અવતારો ધર્મની સ્થાપના અને માણસોની સુધારણા માટે આવે છે.**

બંને અવતારોએ અસંખ્ય લીલાઓ દ્વારા અને તેના સાચા માર્ગના અનુસરણ દ્વારા માનવતાનું દ્રષ્ટાંત પૂરું પાડેલ છે. "પુરાણો" માં વિસ્તારપૂર્વક તેમની વાર્તાઓ "રામાયણ" અને "મહાભારત" જેવાં મહાકાવ્યો દ્વારા ફરી-ફરીથી દર્શાવેલ છે. આ બંને કૃતિઓ ભારતના ધરોહર ની કથા છે જે વિશ્વભરના વારસા જેવી છે દુનિયાભરમાં હજી પણ એ પ્રખ્યાત છે અને એના અવતરણો આપણા દૈનિક જીવનમાં પૂજ્યભાવ અને માર્ગદર્શનના સ્ત્રોત તરીકે ચાલુ રહેશે. છતાં પણ, આ બે અવતારોના સમયગાળાઓ દરમ્યાન આપણી પાસે આધુનિક ટેકનોલોજી નહોતી, શીખવાના અને સાચવવા ના સાધનો નહોતા, તેના કારણે આ વાર્તાઓ આપણે મૂળ સ્વરૂપે આપણા વંશજો માટે જાળવી શક્યા નથી. જેને કારણે એવી અટકળો થતી રહી છે કે આ બંને અવતારોની કથાઓ સાચી છે કે કાલ્પનિક. તેમ છતાં, મોટા પ્રમાણમાં મળેલા પુરાતત્વીય પુરાવાઓના પ્રમાણો અને ઘટનાઓ પ્રમાણિત કરે છે કે એ બંને મહાકાવ્યો ની કથાઓ શંકાઓ થી પર છે અને અવતારોએ તેમના કાર્યકાળ દરમિયાન તેમની ભૂમિકાઓ ભજવી જ હતી. ગુજરાત દરિયા કિનારા કાંઠે દ્વારકા નજીક પાણીની અંદરની પુરાતત્વીય શોધખોળથી શ્રીકૃષ્ણના જીવન વિશેના વિવિધ પ્રકારના માળખાઓ મળતાં તેમના અસ્તિત્વને સાબિત કર્યું છે. તાજેતરમાં જ, રામસેતુ કેસમાં, ભારતની સર્વોચ્ચ અદાલતે એ પ્રશ્ન હાથ ધરવો પડ્યો હતો કે ભારતથી શ્રીલંકા સુધી પુલ બનાવવામાં આવ્યો હતો અને તેના પુરાતત્વીય પુરાવા પણ મળ્યા હતા. કેટલાક હજારો વર્ષ પછી આ બેઉ અવતારોના ભૂમિકાના પુરાવાઓની કવાયત તેમને મજબૂત કરવા માટે હાથ ધરવામાં આવી હતી.

**વધુ આવતા અંકે......**

તંત્રી સ્થાનેથી.........

ભગવાન બાબાની અસીમ કૃપાથી, સનાતન સારથિ (ગુજરાતી)નું પુનઃપ્રકાશન વડોદરા ખાતેથી શરુ થયું અને પાછલા ત્રણ મહિનાઓથી ગ્રાહકોને અંકો નિયમિત રૂપે મળી રહ્યાં છે. પર્તીથી પ્રકાશિત થનાર અંગ્રેજી અંકનું ગુજરાતી પ્રકાશન, તેનું તે જ મહિનામાં પ્રકાશિત થઈ રહ્યું છે, જેની પાછળ આપણા રાજ્યપ્રમુખ, શ્રી હેમંતભાઇએ ગોઠવેલ સમગ્ર વ્યવસ્થા કાર્ય કરી રહી છે. આવો, તે વિશે થોડું જાણી લઈએ....

૧. **અનુવાદક ટીમ:** ૧) શ્રી ગજેન્દ્રભાઈ દવે (સુરત) ૨) શ્રી રસિકભાઈ હાંસોટી (સુરત) ૩) શ્રી મુકેશભાઇ ભટ્ટ (ગાંધીનગર) ૪) શ્રી અજીતભાઈ નાયક (નવસારી) ૫) શ્રી આર.કે.પટેલ (વલસાડ) ૬) શ્રી જયંતભાઇ પંડ્યા (વડોદરા) ૭) શ્રી રસિકલાલ પાટડીયા (વડોદરા) ૮) શ્રી સતીશ બોકીલ (વડોદરા).

૨. **ટાઈપીસ્ટ ટીમઃ** ૧) શ્રી જીતેશભાઇ પરમાર (વડોદરા) ૨) શ્રીમતી રંજનબેન પટેલ (ગણદેવી) ૩) શ્રીમતિ મીનાક્ષીબેન કંથારીયા (સુરત) ૪) શ્રીમતી મનીષાબેન ગામીત (સુરત) ૫) શ્રી વિકાસ પંચાલ (વડોદરા)

૩. **અન્ય સહાયકોઃ** ૧) શ્રી હેમંતભાઈ પટેલ (એસ.પી.) ૨) શ્રી પ્રશાંત લાસુરે (વડોદરા) ૩) શ્રી વિશાલ અકોલકર (વડોદરા) ૪) શ્રી રાજીવ ગોસાઈ (અમદાવાદ)

સનાતન સારથિ (ગુજરાતી) ના સમયસર પ્રકાશનને સફળ બનાવવા, ઉપરના દરેક સેવાભાવી, ભાઈ-બહેનો, પોતાનું બધુ કામ બાજુએ મુકીને, આની પાછળ ધગશથી કાર્ય કરે છે. "સ્વામી"ની તે દરેક ઉપર કૃપા છે અને રહેશે જ.

આ બધાની સેવાને બિરદાવતા સંગઠન અને સાઈ પરિવાર આનંદ અનુભવે છે.

ગ્રાહકો વગર અંકનો શો અર્થ?

હા, સાચી વાત, આપ ગ્રાહકો સનાતન સારથિનું લવાજમ ભરીને, આ સ્વામીની સાહિત્ય સેવાને આપના ઘરે આવકારો છો અને વાંચો છો તે સાચેજ અભિનંદનીય છે. વાંચન એતો મનોભોજન છે; જે શરીર ભોજન જેટલું જ અગત્યનું છે. વાંચનથી જ વિચારો ઘડાય / બદલાય અને વિચારોથીજ આગળ વધતા, વાણી અને વર્તન (કર્મ)માં પરિણમે અને છેવટે ચારિત્ર્ય ઘડાય. આથી વાંચન એ Must છે. આપ વાંચક વર્ગને પણ ખૂબ ખૂબ અભિનંદન.

એક-લાગણી વ્યક્ત કરતા ક્ષોભ થાય છે કે સનાતન સારથિ પરિવાર ચાર આંકડાઓ સુધી હજુ પહોંચ્યો નથી. ત્રણ અંકોમાં જ રમે છે.

જીલ્લા પ્રમુખશ્રીઓ અને સંગઠનના હોદ્દેદારોનો પ્રયત્ન સાચે જ અભિનંદનને પાત્ર છે. શું આપણે દરેકે દરેક, તેમના અભિયાનને બળ પુરૂ પાડીશું?

**દરેક જણ એક નવો પરિવાર, સનાતન સારથિની સાંકળમાં એક કડી રૂપે ઉમેરે....... બસ.**


- તંત્રી

સનાતન સારથિ (ગુજરાતી)

Publication Date : 20/12/2020
सनातन सारथि
Date of Posting 20th every month
Validity of Licence 31/12/2020

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGE - 28
RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. AND-305/2018-2020 Place of Posting - Dakor

# સૌ કોઈ એક ઈશ્વરના સંતાન છે.



ઈશ્વર દરેકનો છે. ઈશ્વર તો વૈશ્વિક છે. તમારે દરેક પ્રકારના ભેદભાવોને મીટાવી દેવાના છે અને સંકુચિત ભાવને કોઈ સ્થાન આપવાનું નથી. તમારી જાતને તમે એક જ ઈશ્વરના બાળકો છો તેવુ માનો. તમે ઈશ્વરને - તમને જે મનપંસદ હોય તે સ્વરૂપમાં ભજો અને પૂજો પરંતુ ઈશ્વર એક જ છે એ સત્યને ઓળખો. ક્રિસમસ જેવા પવિત્ર દિવસોની ઉજવણી, એ માનવજાતિમાં પ્રેમ અને સુસંવાદિતા ફેલાવવા માટે ના મહત્વના પ્રસંગો છે.

- બાબા..

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઈ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઈ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

**મુદ્રક : એલાઈન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.
મો.: ૮૨૩૮૫૮૫૬૫૩